Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
·અમદાવાદ·

વર્ષ : ૫ ક્રમાંક : ૫૨ અંક : ૪

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवाओ महावीरस्स

सिरि रायनयरमज्झे, संमोलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

વિક્રમ સંવત ૧૯૯૬ : વીર સંવત ૨૪૬૬ : ઈસ્વીસન ૧૯૩૯
માગસર સુદી ૫ : શુક્રવાર : ડિસેમ્બર ૧૫

## વિ–ષ–ય—દ–ર્શ–ન



| | | |
|---|---|---|
| ૧ श्री ईलादुर्गस्तवम् | : मु. म. भद्रंकरविजयजी | : १३१ |
| ૨ શ્રી નમસ્કાર મહામંત્ર માહાત્મ્ય | : શ્રી. સુરચંદ પુ. બદામી. | : ૧૩૩ |
| ૩ મહાત્મા અતિમુક્ત | : મુ. મ. સુશીલવિજયજી | : ૧૩૮ |
| ૪ નિહ્નવવાદ | : મુ. મ. ધુરંધરવિજયજી | : ૧૪૧ |
| ૫ કવિત્વબાવની | : શ્રી. અંબાલાલ પ્રે. શાહ | : ૧૪૬ |
| ६ बांधनी पट्टक | : आ. म. विजययतीन्द्रसूरिजी | : १५३ |
| ७ धातुप्रतिमा लेखो | : मु. म. कांतिसागरजी | : १५९ |
| ૮ સમાચાર | | : ૧૬૫ |
| ૯ ધનપાલનું આદર્શ જીવન | : મુ. મ સુશીલવિજયજી | : ૧૬૬ |
| ૧૦ જાહેર વિજ્ઞપ્તિ | | : ૧૭૦ |



## પૂજ્ય મુનિમહારાજોને વિજ્ઞપ્તિ

હવે ચતુર્માસ પૂર્ણ થયું છે એટલે વિહાર દરમ્યાન દરેક અંગ્રેજી મહિનાની બારમી તારીખ પહેલાં નવું સરનામું લખી જણાવવાની સૌ પૂજ્ય મુનિરાજોને વિજ્ઞપ્તિ છે.

લવાજમ

સ્થાનિક ૧–૮–૦ બહારગામ ૨–૦–૦ છૂટક અંક ૦–૩–૦

મુદ્રક : નરોત્તમ હરગોવિન્દ પંડયા, પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રીન્ટરી સલાપોસ ક્રોસ રોડ અમદાવાદ, પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી ઘીકાંટા રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

ક્રમાંક ૫૨

[ માસિક પત્ર ] [ વર્ષ ૫ : અંક ૪ ]

पुरातनार्वाचीन-इतिहास प्रतिबद्धं

## श्रीईलादुर्गस्तवनम्

प्रणेता-मुनिराज श्री भद्रंकरविजयजी

( गतांकथी चालु )

वागिन्दुर्युववर्गचित्तकुमुदं प्रोत्फुल्लययुक्तित्विषा
सिक्त्वा स्वादुसुधर्मयौवनवनं जैनप्रजापादपे ।
व्याख्याप्रौढिमभाघनाघनघटा श्रीलब्धिसूरीशितुः
प्रोत्तीर्णौ किमु मञ्जुलेडरपुरौ साक्षात्कलाभृद्घनौ ॥ ४४ ॥

सद्वाणीप्रभया सुकृत्यनिवहा संस्तुत्यकाः शिष्टकैः
प्राभूयन्त कविव्रजाब्जतरणेः श्रीलब्धिसूरीशितुः ।
चैत्यालीमुदधारयत् प्रतनकां पौसीनतीर्थस्य सः
पेलस्थान्यसुपौरजैनजनतावित्तस्य साहाय्यतः ॥ ४५ ॥

नीलं वार्षुकजीवनीयद इव ध्वान्तालिलीलायुतं
कस्तूरीतिलकोपमं सुसुषमं कारस्करैः श्यामलैः ।
पान्थप्रौढपरिश्रमप्रतिरिपुक्षोणीरुहच्छायया
चारूद्यानमिदं चकास्ति फलदं शान्तीशचैत्यान्तिकम् ॥ ४६ ॥

प्रचण्डमातण्डकरैः सुतप्तान्
क्लान्तान् सुकान्तान् पुरुपान्थयूथान् ।
यस्मिन्कदल्यः परिवीजयन्ति
सोमालवातैर्दलतालवृन्तैः ॥ ४७ ॥

भृङ्गीसङ्गीतसुभगसुमे चारुवर्णात्कुडङ्गे
धारारामालिकतिलकगे सद्विहङ्गैलदुर्गे ।
पुण्यैर्लभ्ये व्रतततितिकेऽखण्डकुण्डेस्थितं तत्
चैत्यं रम्यं प्रमुदितमना लब्धिसूरिर्ददर्श ॥ ४८ ॥

नामं नामं मघवमहितं तत्र शान्तीशबिम्बं
स्तावं स्तावं गुणगणगरिष्ठैः स्तवैर्दीर्घकालम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पायं पायं सुचिरमचिरापुस्रनेत्रामृतं तत्
शृङ्गं तुङ्गं कविकुलकिरीटैरदर्शि प्रजीर्णम् ॥ ४९ ॥

जीर्णोद्धारणशेषशेखरमिदं चैत्यस्य शान्तिप्रभोः
पूर्णीकारयति स्म कार्यमखिलं व्याख्यानगीर्गर्जया ।
विख्यातो भुवि पञ्चविंशतिमितं तस्मिन् सहस्राङ्कितं
श्रीमल्लब्धिसूरीश्वरो विजयतां कल्याणमालाकरः ॥ ५० ॥

इयद्धरस्थामृतलालकेन
धनीश्वरेणाकृतरम्यमूर्त्तिः ।
नष्टस्मरारेः कमलाख्यसूरे-
र्महामहिम्नो गुणकैर्गरिम्न ॥ ५१ ॥

चैत्यं शान्तीश्वरस्य प्रमदभरजनैस्तोरणैस्तैः सुधाभी-
रम्यं शृङ्गारितं तन्नवरुचिरसिचयैर्मण्डपोऽमण्डि बाह्यम् ।
लोकाः स्तोकेतराद्राङ्घ्रिमिलुरतिमुदाह्वानतः सूरिमूर्त्या
अर्हन्मूर्त्तिप्रतिष्ठानुपमपदमहे दुर्गदुर्देपरिष्ठात् ॥ ५२ ॥

पन्न्यासे भुवनाभिधे गणिवरे श्रीवाचकाख्यं पदं
पन्न्यासं पदवीं जयन्तविजये श्रीमत्प्रवीणाभिधे ।
क्रियाकाण्डरुचौ बुधे गुणिपदं चैतन्नवीनाभिधे
विद्वान्सो निदधुर्महोत्सवपुरं श्रीलब्धिसूरीश्वरः ॥ ५३ ॥

श्रीमत्सूरिसुमूर्त्तिमद्भुतमयीं पूते मुहूर्त्तेऽनघेऽ-
र्हन्मूर्त्तीरपि रामणीयकतमाः सौवर्णकान्तीश्रिताः
वासक्षेपपुरस्सरं सुखदसन्मन्त्रं प्रतिष्ठापया-
मासुः कोविदलब्धिसूरिमृगपाः शिष्यैरशेषैः सह ॥ ५४ ॥

( प्रशस्तिः )

आत्मानन्दसुपट्टविष्णुहृदये श्रीवत्सशृङ्गारभाः
सञ्जाता निखिलागमज्ञकमलाचार्येश्वरा निःस्पृहाः
तत्पट्टोदयशैलशृङ्गतिलकाः श्रीलब्धिसूरीश्वराः
तच्छिष्या भुवनाख्यवाचकचणा जाता पवित्रव्रताः ॥ ५५ ॥

तच्छिष्याणुकतुल्येन भद्रङ्करेण गुम्फिता ।
सेलादुर्गस्तुतिर्यावज्जीयात् सूर्यामृतद्युती ॥ ५६ ॥

( पूर्णम् )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નમસ્કાર મહામંત્ર માહાત્મ્ય

લેખક—શ્રીયુત સુરચંદ પુરૂષોત્તમદાસ બદામી
બી. એ. એલએલ. બી. રીટાયર્ડ સ્મો. કો. જજ

( ગતાંકથી ચાલુ )

## નમસ્કાર મહામંત્રના મહિમા સૂચક દૃષ્ટાંતો

હવે પરલોકમાં મળતા ફળ સંબંધી બીજું દૃષ્ટાંત, **हुडियजक्ख ( हुंडिकयक्ष )**નું કહે છે.

પછી રાજસિંહકુમાર અને સુમતિ પ્રયાણ કરતા કરતા મથુરા નગરીમં આવ્યા. ત્યાં પૂર્વદિશામાં એક યક્ષનું મંદિર જોયું. તે મંદિર આગળ શૂળીએ ચઢાવેલા એક તસ્કરનું બાવલું હતું. તે એક શ્રાવકની પ્રતિમાને નમસ્કાર કરતું બતાવેલું હતું. તે જોઇ કુમારને અપૂર્વ આશ્ચર્ય થયું. તેણે તે યક્ષના પૂજારીને આ વૃત્તાન્ત શું છે તે જણાવવા કહ્યું. પૂજારીએ નીચે પ્રમાણે નિવેદન કર્યું :

"આ નગરીનો શત્રુમર્દન નામનો રાજા છે. અહીં જિનદત્ત નામનો એક ઉત્તમ શ્રાવક વસે છે. તે મહાસત્ત્વશાળી અને કરુણા રસનો સમુદ્ર છે. નગરમાં એક વખત હુંડિક નામે ચોર કયાંકથી આવ્યો અને ઘણે ઘેર ચોરી કરવા લાગ્યો. એક દિવસ એક શ્રીમંતને ઘેર ખાતર પાડયું અને ઘણું સોનું ચોરી લીધું. ઘરના લોકો જાગી ઊઠયા અને પોકાર કર્યો. કોટવાલના માણસો આવી પહોંચ્યા. ઘરને ચારે બાજુથી ઘેરી લીધું અને મુદ્દા માલ સાથે ચોર પકડાયો. પ્રભાતે રાજાને તે બાબત ખબર આપ્યા. રાજાએ તેને વિડંબના કરી હણવાનો હુકમ કર્યો. રાજાની આજ્ઞાનુસાર ચોરની અનેક પ્રકારની વિડંબના કરી ગધેડા ઉપર બેસાડી ચોરને વધસ્થળે લઈ જવામાં આવ્યો, ત્યાં તેને શૂળીએ ચઢાવ્યો, અને આજુબાજુ છુપી પોલીસના માણસો ગોઠવી દીધાં અને તેઓને હુકમ કર્યો કે આ ચોરના સંબંધી કોઇ ત્યાં આવે તો તેની તપાસ રાખવી જેથી તે સંબંધીને પણ પકડીને સજા કરી શકાય. શૂળી પર ચઢાવેલા ચોરને અત્યંત તૃષા લાગી. તેણે ત્યાં આગળ આવતા માણસોને પાણી લાવી આપવાની યાચના કરી. રાજાના ભયથી કોઈ તેને પાણી લાવી આપે નહિ. એટલામાં જિનદત્ત શેઠ ત્યાં આવી પહોંચ્યા. તેની પાસે ચોરે પાણીની યાચના કરી. તે શેઠ મહા દયાળુ હતા. તેમણે ચોરને કહ્યું: 'હું પાણી લાવી આપીશ, પણ તને પંચનમસ્કાર મંત્ર બતાવું તેનું એક ચિત્તથી પાણી લાવું ત્યાં સુધી સ્મરણ કર્યા કર, કે જેથી તારી શુભ ગતિ થાય. હિંસા કરનારા, જૂઠું બોલનારા, પરધન હરણ કરનાર, પરસ્ત્રીમાં રકત રહેનાર અને બીજા લોકનિંદિત અનેક પાપકાર્યો કરનાર માનવો પણ પ્રાણત્યાગને અવસરે મંત્રરાજનું સ્મરણ અવિરતપણે કરે તો અનેક દુષ્કર્મોથી ઉપાર્જન કરેલી માઠી ગતિનો ક્ષય કરીને સ્વર્ગનું સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે, માટે તારે જરૂર આ પ્રમાણે એ મહામંત્રનું સ્મરણ એકાગ્રચિત્તથી કર્યા કરવું.' ચોરે તે કબૂલ કર્યું અને પોતાને થતું દુઃખ નહિ ગણકારતો વારંવાર તેનું સ્મરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા લાગ્યો. જિનદત્ત શેઠ ઘેર જઇને પાણી લાવ્યા તેટલામાં તે ચોરના પ્રાણ નીકળી ગયા અને તે મહર્દ્ધિક યક્ષ દેવપણે ઉત્પન્ન થયો. અન્તે જેવી મતિ તેવી ગતિ એમ કહેવામાં આવે છે તે યથાર્થ જ છે. હવે છુપી પોલીસના માણસોએ આ સઘળો વૃત્તાન્ત રાજાને નિવેદન કર્યો. રાજાએ જિનદત્ત શેઠનો વધ કરવાનો હુકમ કર્યો. કોટવાલના માણસોએ તેને ગધેડે બેસાડી અનેક પ્રકારની વિડંબના કરવા માંડી. એટલામાં તે યક્ષરાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પોતાના ગુરુની આવી દશા થતી જોઇ, તે બહુ કોપાયમાન થયો અને એક મોટો પર્વત વિકુર્વીને નગરના રાજા અને અન્ય જનોને કહ્યું: 'હે કાપુરુષો ! જગતનું કલ્યાણ ઇચ્છનાર, કૃપારસના સમુદ્ર મારા પ્રભુ જિનદત્તની તમે આવી વિડંબના કરવા માંડી છે તેથી હું આ પર્વતથી ખચિત તમને બધાને ચૂરી નાંખીશ.' એ સાંભળી રાજા અને પ્રજા સર્વે તેની પુષ્પાદિથી પૂજા કરવા મંડી પડ્યા, કારણ સર્વ ભયમાં મૃત્યુભય મોટો છે. તેઓએ યક્ષને નમસ્કારપૂર્વક વિનંતિ કરી કે હે સ્વામિન્ અમને સર્વને આટલી વખત ક્ષમા કરો, અમે અજ્ઞાનતાથી આ અપરાધ કર્યો છે. યક્ષે કહ્યું કે આ શ્રાવકનું શરણ તમે લો, અને પૂર્વ દિશામાં મારું ઊંચું મંદિર કરાવો. તે કબૂલ કરવામાં આવ્યું. રાજાએ શેઠને ગંધહસ્તિ પર બેસાડી નગરમાં પ્રવેશ કરાવ્યો અને વારંવાર તેની ક્ષમા માગી. પછી હુંડિક યક્ષનું આ ચૈત્ય બનાવ્યું, અને શ્રાવકની પ્રતિમા યુકત શૂળીએ ચઢાવેલી ચોરની મૂર્તિ પણ ત્યાં ઊભી કરી."

આ વૃત્તાંત સાંભળીને તે રાજકુમાર પ્રમુદિત થયો અને મિત્રને કહ્યું: "નમસ્કારના સ્મરણથી આ પૂર્વજન્મનો ચોર જેવી રીતે યક્ષરાજ થયો, તેવી રીતે હું પણ પૂર્વજન્મમાં પુલિન્દ્ર હતો અને આ જન્મમાં રાજકુળમાં ઉત્પન્ન થયો છું. પરમેષ્ટી મન્ત્રનો પ્રભાવ પરલોકમાં પણ કેવો ચમત્કારી દેખાય છે !"

આ સાંભળીને સુમતિ આદરપૂર્વક બોલ્યો: "હે રાજપુત્ર ! તમારું પુલિન્દ્રપણું ગયા જન્મમાં કેવું હતું તે સંભળાવો." રાજપુત્રે ઘણા હર્ષથી નમસ્કાર મન્ત્રથી સફળ થયેલો પોતાનો પૂર્વભવ યથાસ્થિત મિત્રને કહી સંભળાવ્યો. તે ઉપરથી કાંઇક મ્હોં મલકાવીને સુમતિ બોલ્યો: "હું ધારું છું કે આગલા જન્મની તમારી પત્ની રત્નવતીને પરણવા માટે તમે જતા લાગો છો; પણ એ તો પુરુષદ્વેષીણી છે, તો આ પુરુષ વેષમાં તમને એનું દર્શન પણ કેમ થઈ શકસે, તેની સાથે વાર્તાલાપ કરવાની બાબત તો દૂર રહી." રાજકુમારે કહ્યું: "સર્વ કાર્યમાં ભાગ્ય બળવાન છે, એ બાબત ચિન્તા કરી સંતાપ ઉત્પન્ન કરવાની જરૂર નથી."

રાજસિંહ ઉપર પ્રમાણે પોતે જાણેલા નમસ્કાર મંત્રના દૃષ્ટાંતોનું સ્મરણ કરતો પોતાના મિત્ર સાથે ચાલ્યો. અનુક્રમે પૃથ્વી અને અરણ્યો ઓળંઘતો તાપ અને તરસથી પીડાતો એક સુંદર સરોવર આગળ આવ્યો. ત્યાં સ્નાનાદિ કરી એક આંબાના ઝાડ નીચે થાક ઉતારવા તે સૂતો. સુમતિ ત્યાં ફુલ વીણતો હતો, પણ તે એક લતાકુંજની પાછળ હોવાથી દેખાતો ન હતો. એવામાં ત્યાં આકાશ માર્ગે એક ખેચર આવતો તેણે જોયો. દેવકુમાર જેવા રૂપવાન રાજકુમારને જોઇ તે વિદ્યાધરે વિચાર્યું મારી કાન્તા મારી પૂંઠે આવે છે, તેને જોશે તો એનામાં અનુરાગવાળી થઇ જશે, તેથી એક લતાના સહમૂમાંથી એક ઔષધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુરત લાવીને ઘસી અને તેના છાંટા રાજકુમારના કપાળે નાંખ્યા. તેના પ્રભાવથી તે રાજકુમારનું સ્ત્રી રૂપ થઈ ગયું, તે વિદ્યાધર ત્યાંથી ગયો. તેની પાછળ તેની સ્ત્રી ત્યાં આગળ થઈને જતી હતી. તેણે કામ દેવની સ્ત્રી રતીના જેવી રૂપવાન આ સ્ત્રીને જોઇ અને વિચાર્યું કે પાછા ફરતા મારા પતિ જો આને જોશે તો એનામાં રક્ત થઈ જશે અને મારો ત્યાગ કરશે. તેણે ત્યાં આગળથી એક ઔષધી લાવી તે સ્ત્રીને લગાવી અને તે સ્ત્રીનું પુરુષ રૂપ કર્યું અને ત્યાંથી ચાલી લઈ. સુમતિએ આ બન્ને ઔષધીઓ જોઈ હતી. રાજકુમાર જાગ્યો ત્યારે તેણે તેને તે બતાવી અને બનેલો પ્રબંધ કહી સંભળાવ્યો. રાજકુમારે મિત્રની સાથે ઊઠીને પ્રયાણ શરૂ કર્યું અને ક્રમેક્રમે પદ્મપુર નગરમાં આવ્યો. રાક્ષસ પાસેથી તેને ચિંતામણિ રત્ન મળ્યું હતું. તેના પ્રભાવથી સર્વ ઇચ્છિત તે મેળવી શકતો હતો. પદ્મપુર નગરમાં સોનાના મહેલમાં તેણે મુકામ કર્યો. એક દિવસ રત્નવતી દેવપૂજા કરવા જિનમંદિરે જતી હતી. તેના દેખાવમાં કોઈ પણ પુરુષ ન આવી શકે તેટલા માટે સર્વ પુરુષોને તે માર્ગમાંથી દૂર કરી દીધા હતા અને સ્ત્રીઓ સિવાય બીજું કોઈ તેની સાથે ન હતું. રાજકુમાર અને સુમતિ એ બન્નેએ સ્ત્રીરૂપ ધારણ કર્યું, અને આગળથી દેવમંદિર આગળ જઈ ઊભા રહ્યા. રત્નવતીએ પુષ્પ ચંદન વગેરેથી જિન-પ્રતિમાની પૂજા કરી અને પાછા ફરતાં દેવાંગના જેવી સુંદર તે કુમાર સ્ત્રીને જોઈ સહર્ષ લાંબો વખત તાકી તાકીને જોયા પછી તે બોલી: " આ કોઈ અપૂર્વ સ્ત્રી મને લાગે છે. " અને તેને પૂછ્યું " તમે ક્યાંથી આવો છો. " કુમારના મિત્રે કહ્યું: " આ મારી સખી બીજે ઠેકાણેથી અહીં આવી છે. " રત્નવતી ફરીથી બોલી: " તારી સખીને જોઈને જેમ ચંદ્રજ્યોત્સ્ના જોઈને સમુદ્રને ઉલ્લાસ થાય તેમ મને અત્યંત ઉલ્લાસ થાય છે તેથી મારે ઘેર પધારો. " તે બન્ને કૃત્રિમ સ્ત્રીઓ તેની સાથે ગઈ. તેણે ઘણો સત્કાર કર્યો, અને તેઓ ચિરકાળ તેની સાથે જ રહ્યા. વાતો કરતાં એક દિવસ કુમાર સ્ત્રીએ રાજકન્યાને કહ્યું: " હજુ સુધી તમારા પુલિન્દ્ર પતિનો પત્તો જણાતો નથી. યોગ્ય પતિ વિના રૂપવાન કન્યા શોભતી નથી. માટે સ્વયંવરમાં આવેલા કોઇ નૃપનન્દન સાથે વિવાહ કરવો યોગ્ય છે. " રત્નવતીએ કહ્યું: " પૂર્વ ભવના મારા તે પ્રિયને મૂકીને બીજા કોઈ ઇન્દ્ર સરખાને પણ હું મારા પતિ તરીખે કોઈ પણ સંજોગમાં અંગીકાર કરીશ નહિ. " કુમાર સ્ત્રીએ કહ્યું: " જો એમજ હોય તો તમારું યૌવન માલતી-ફુલની કળીની માફક ભોગ ભોગવ્યા સિવાય જંગલમાં ફોકટ અટવાઈ જશે. " રત્નવતીએ કહ્યું કે " પતિ કરવામાં આવે છે તે ચિત્તની વિશ્રાન્તિ માટે કરવામાં આવે છે, અને તે વિશ્રાન્તિ તો તારામાં મને અતિશય મળી શકે છે, તેથી બીજા અન્યનું મારે શું કામ છે. " કુમાર સ્ત્રીએ પૂછ્યું " તમારો તે પુલિન્દ્રપતિ કયા લક્ષણથી ઓળખી શકાય તેમ છે તે મને જણાવો. " રાજકુમારીએ ઉત્તર આપ્યો: " મારું પૂર્વ જન્મમાં કરેલું સુકૃત જે જાણતો હોય તે મારો પ્રાણેશ પતિ છે. " રાજસિંહ સ્ત્રી બોલી: " દમસ્તર મુનિએ શીખવાડેલા મંત્રરાજનું અહોનિશ સ્મરણ કરીને મૃત્યુ પામી તમે આ જન્મમાં રાજકન્યા થયા છો. " આ સાંભળીને રત્નવતીએ ચંદ્રલેખાને કહ્યું: " મારું આટલું વૃત્તાન્ત આ પોતાની મેળે જાણે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇના જણાવવાથી જાણે છે." તે સખીએ કહ્યું: "એ સ્વતઃ જાણે છે, કારણ કે તમારી એના ઉપર હૃદયની પ્રીતિ છે, અને એની વચન આદિ ચેષ્ટા પણ પુરુષના જેવી દેખાય છે. કામશાસ્ત્રમાં જણાવેલા સ્ત્રીઓને પ્રિયના સમાગમ પ્રસંગે થતા વિકારો પણ એ સમીપમાં હોય છે ત્યારે તમને સ્ફુરી આવે છે. મને તો લાગે છે કે ગમે તેમ હો પણ આ તમારો પૂર્વ જન્મનો પતિ હોવો જોઈએ, અને કોઇ કારણસર પોતાનું પુરુષ રૂપ છુપાવીને કૃત્રિમ સ્ત્રી રૂપ એણે ધારણ કરેલું હોવું જોઇએ." પછી રત્નવતીએ પોતાની સખીને સંજ્ઞા કરી તે ઉપરથી તેણે રાજકુમારને કહ્યું: "હે સ્વામિન્! અમારા ઉપર પ્રસાદ કરીને આપનું સ્વાભાવિક રૂપ પ્રગટ કરો." તરત જ બીજી ઔષધીના યોગથી એક ક્ષણમાં તે બન્નેએ પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું. કુમારનું રૂપ જોઇને રાજકન્યાને એટલો બધો હર્ષ થયો કે ત્રણ જગતમાં પણ તે માઈ શકે તેવો ન હતો. ચંદ્રલેખા બોલી: 'હે નાથ! આપે જેવું આપનું રૂપ પ્રગટ કર્યું તેમ હવે કૃપા કરીને આપનું કુલ વગેરે પણ જણાવો.' રાજસિંહની આજ્ઞાથી સુમતિએ તેમનું રાજ્ય, નગર, જાતિ, કુલ વગેરે તેમજ માર્ગમાં જે જે પ્રબન્ધો થયા તે સર્વ જણાવ્યું. રાજા પણ આ સઘળું વૃત્તાંત જાણીને અત્યંત સંતુષ્ટ થયો અને રત્નવતી રાજસિંહ કુમારને અર્પણ કરી. બીજે દિવસે તેમનું લગ્ન થયું. રાજાએ હાથી વગેરે પુષ્કળ દાન આપી કુમારની ભકિત કરી, અને કુમાર પોતાના ઉત્તમ ભાગ્યથી સંપ્રાપ્ત થયેલા અનેક પ્રકારના ભોગવિલાસ રત્નવતી સાથે ભોગવતો હતો. આ પ્રમાણે સુખમાં કેટલાક દિવસો વીત્યા બાદ કુમારના પિતાએ મોકલેલો એક પત્ર તેને મળ્યો તે પત્ર નીચે મુજબ હતો. "સ્વસ્તિશ્રી મણિમંદિર નગરથી રાજમૃગાંક રાજા શ્રીમત્પદ્મપુર નગરમાં કુમારતિલક રાજસિંહકુમારને હર્ષથી આલિંગન કરીને સ્નેહપૂર્વક જણાવે છે: "અમે કુશલ છીએ. પરંતુ તારા વિયોગથી અમને ઘણું દુઃખ થાય છે. તારા દર્શનામૃતનો સ્વાદ લેવા માટે હે વત્સ! અમે બહુ અધીરા થઇ ગયા છીએ. વિશેષ હવે અમારી વૃદ્ધાવસ્થા થવાથી ધર્મ પ્રત્યે અમારી વૃત્તિ વધેલી છે, અને અમારી ઇચ્છા વ્રત ગ્રહણ કરવાની છે, તેથી તું જલદી અત્રે આવ અને રાજ્ય સંભાળી લે." રાજસિંહકુમારે તે ઉપરથી પદ્મરાજાની રજા લઇને ચતુરંગ સેના સહિત પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. રત્નવતી સાથે તે ત્યાં આવી પહોંચ્યો અને અત્યંત ભકિતપૂર્વક પોતાના પૂજ્ય માતા પિતાને પગે પડયો. તેમણે આશીર્વાદ આપ્યા. રાજાએ મનમાં વિચાર કર્યો કે હવે એને રાજ્યગાદી પર બેસાડીને આદર સહિત ધર્મ કરીશ. એટલામાં ઉદ્યાનપાળે આવીને વધામણી કહી કે 'હે દેવ! ગુણસાગર નામના આચાર્ય ભગવાન ઉદ્યાનમાં પધાર્યા છે.' બરાબર સમયે ગુરુમહારાજ પણ આવી પહોંચ્યા તેથી રાજા પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યો, અને રાજસિંહકુમારને ગાદી પર સ્થાપીને, દાન દઈને, અને જિનમંદિરોમાં પૂજા કરીને હાથી પર બેસી ગુરુમહારાજની પાસે ગયો. ગુરુમહારાજને વંદન કરી રાજાએ વિનયપૂર્વક પ્રાર્થના કરી: "હે પ્રભો! આ ભયાનક ભવસમુદ્રમાંથી દીક્ષારૂપી વહાણથી મને તારો." ગુરુમહારાજે વિધિપૂર્વક વ્રત ઉચ્ચરાવ્યાં. રાજા અનેક પ્રકારના આકરાં તપ તપીને અનુક્રમે શુભ ગતિ પામ્યો. રાજસિંહ રાજાએ રત્નવતી સાથે સમ્યક્ત્વ મૂળ ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો, અને ગુરુમહારાજને વંદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી પોતાને સ્થાને ગયો. ગુરુમહારાજ પણ પોતાના પરિવાર સહિત વિહાર કરી ગયા.

રાજસિંહ રાજાએ લાંબા કાળ સુધી મહાન્ સામ્રાજ્ય પર રાજ્ય કર્યું. મોટા દુર્જય રાજાઓ પણ નમસ્કાર મંત્રના પ્રભાવથી તેની આજ્ઞા વહન કરનારા થયા. એણે પૃથ્વીને જિનચૈત્યોથી ભૂષિત કરી દીધી. અન્યદા કાળે કરીને શરીર ગ્લાન થતું જણાયું ત્યારે પોતાનું આત્મસાધન સાધવા માટે પ્રતાપસિંહ નામના પોતાના પુત્રને ગાદી પર બેસાડી સિંહના જેવા નિર્ભય છતાં ભવભ્રમણથી બીધેલા રત્નવતી યુકત રાજસિંહ રાજાએ ધર્માચાર્યને બોલાવ્યા અને તેમના ચરણ યુગલને વંદન કરી અંજલી રચીને પ્રાર્થના કરી કે હે ભગવન્, મને સમયોચિત ઉપદેશ આપો. ગુરુમહારાજે જણાવ્યું: "હે મહાભાગ! ક્રોડો ભવમાં દુર્લભ એવી આરાધના સર્વ આશંસાથી રહિત થઇને તું સમ્યક્ પ્રકારે કર." પર્યંકાસન રચીને પૂર્વદિશાની સન્મુખ રાજા બેઠો, અને ગુરુમહારાજે આ પ્રમાણે તેને આરાધના કરાવી. "જ્ઞાનાદિ પાંચ આચારમાં જે જે અતિચારો લાગ્યા હોય તે કહે, જે જે ભાગે વ્રતો લીધેલા હોય તે ફરીથી સંભાર, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ સર્વને ખમ અને ખમાવ. પ્રાણાતિપાત આદિ અઢારે પાપસ્થાનોનો વિશેષ પ્રકારે ત્યાગ કર. ત્રણે લોકમાં સર્વ જન્મોમાં જે જે પાપો મન, વચન અને કાયાથી કર્યાં હોય તે તમામ દુષ્કૃતની નિન્દા કર અને જે વિધિપૂર્વક દાન શીલ વગેરે સુકૃતો ત્રણ જગતમાં તેં પોતે કર્યાં હોય તેમજ બીજાઓએ કર્યાં હોય તે તમામની અનુમોદના કર અરિહંત ભગવાનનું, સિદ્ધ ભગવાનનું અને મુનિ મહારાજનું શરણ અંગીકાર કર, ચાર પ્રકારના આહારનો ત્યાગ કર, નમસ્કારમંત્રનું વારંવાર સ્મરણ કર. હું કોઇનો નથી, અને કોઈ મારું નથી એવી ભાવના રાખી તારા શરીર પર પણ નિર્મમ ભાવ રાખ, સદાકાળ જિનેશ્વર ભગવાન મારી ગતિ, મતિ અને આશરો છે એવી ચિત્તવૃત્તિ રાખ." આ પ્રકારની આરાધના કરીને સમાધિ મરણ પામી રાજસિંહ રાજા દશસાગરોપમના આયુષ્યવાળો બ્રહ્મદેવ લોકમાં દેવપણે ઉત્પન્ન થયો. રત્નવતીએ પણ એ મુજબ આરાધન કર્યું અને તે પણ બ્રહ્મદેવલોકમાં ગઇ. ત્યાંથી તે બન્ને ચ્યવીને ક્રમે કરી મોક્ષમાં જશે.

ઉપર કરવામાં આવેલા વિવેચનથી, તેમજ પુલિન્દના વૃત્તાન્તથી અને પુલિન્દ કથાનકમાં જણાવેલાં બીજા દષ્ટાન્તોથી નમસ્કારમંત્રના અચિન્ત્ય પ્રભાવનું આપણને સહેજે ભાન થાય છે. ખરેખર એ મહામંત્રની શક્તિ બહુ આશ્ચર્ય પમાડે તેવી છે. એના એકાગ્ર ધ્યાનથી આપણો આ ભવ અને પરભવ બન્ને સુધરી જાય છે. આપણી સ્થિતિ અને ગતિ ઉચ્ચ અને ઉચ્ચતર થાય છે. પરિણામે એ મંત્રના પ્રભાવથી સર્વ પાપોનો નાશ થઈ આપણે આપણા આત્માને જન્મ, જરા, મરણના દુઃખમાંથી છૂટા કરી સાદિ અનંત મોક્ષસુખ મેળવવા ભાગ્યશાળી થઈ શકીએ તેમ છીએ. એમાં કોઈ પ્રકારની શંકા રહેતી નથી. સદાકાળ એ પંચમંગલ મહામન્ત્રનું ઉપયોગ સહિત એકાગ્રપણે ધ્યાન કરવું તે આપણા આત્માની ઉન્નતિને માટે ખાસ જરૂરનું છે. આપણે તે ધ્યાન કરવા સતત ઉદ્યમવંત થઇએ એ જ પરમકૃપાળુ પ્રભુ પ્રત્યે અંતિમ પ્રાર્થના.

( સમાપ્ત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાત્મા અતિમુક્ત

[ જેમણે ઈરિયાવહિ પડિક્કમતાં કેવલજ્ઞાન મેળવ્યું. ]

લેખક—મુનિરાજ શ્રી સુશીલવિજયજી

અતિમુક્ત મહામુનિ એટલે અઢી હજાર વર્ષ પૂર્વે થયેલ એક સમર્થ વ્યક્તિ. તેઓ વિજય રાજા અને શ્રીમતી રાણીના એકના એક લાડકવાયા પુત્ર હતા. તેમણે બાલવયમાં રાજઋદ્ધિ અને વૈભવને ઠોકરે મારી, વૈભવ-વિલાસને તિલાંજલી દઈ, સંસારની આધિ-વ્યાધિ ઉપાધિને છોડી, ભાગવતી દીક્ષા સ્વીકારી હતી. તેઓ પ્રથમ ગણધર શ્રી. ગૌતમ-સ્વામીના લઘુ શિષ્ય હતા. એ બાળ મુનિ પ્રભુ મહાવીરના સમવસરણમાં ઇરિયાવહિ પડિક્કમતાં ઘાતી કર્મને ચકચૂર કરતાં લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન પામ્યા હતા. જૈન આલમમાં આ મહાપુરુષનું નામ એટલું બધું પ્રસિદ્ધ અને પવિત્ર છે કે સવારના પહોરમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સૌ કોઈ તેમને રાઈ પ્રતિક્રમણ કરતાં ભરહેસરની સજ્ઝાયમાં અહર્નિશ સ્મરે છે. શ્રમણ ભગવાન્ મહાવીરના ચરણ સ્પર્શથી પવિત્ર થયેલું પેઢાલપુર નામનું નગર હતું. ત્યાં વિજય નામનો રાજા રાજ્ય કરતો હતો. શ્રીમતી નામની શીલવંતી પતિવ્રતા પટ્ટરાણી હતી. તે બન્નેના ધાર્મિક સંસ્કારો એટલા બધા ઉચ્ચ હતા કે તેઓ કોઈ પણ દિવસ પ્રભુપૂજા, દાનાદિક કાર્ય કર્યા વિના અન્નપાણી સ્વીકારતા નહીં. પર્વતિથિએ યથાશક્તિ તપસ્યાદિથી પણ વંચિત રહેતા ન હતાં. જે નગરના નરેશ આવા ધાર્મિક હોય તે નગરની પ્રજા પણ ધાર્મિક હોય તેમાં કહેવું જ શું ? લોકમાં પણ કહેવાય છે કે " **यथा राजा तथा प्रजा** " વળી સોનું અને સુગંધ બન્ને ભેગાં થયાં, પછી એમાં ત્રુટી શું ?

આમ પ્રજાનું પાલન કરતાં અને ધાર્મિક જીવન ગુજારતાં રાજાને ત્યાં અનુક્રમે એક પુત્ર ઉત્પન્ન થયો. રાજાએ તેનો ઘણા જ મહોત્સવ પૂર્વક જન્મ ઉત્સવ ઉજવ્યો અને તે બાલકનું " અતિ મુક્ત " [ અઇમુત્તાકુમાર ] એવું નામ પાડયું. ક્રમે બાળક બીજના ચંદ્રની જેમ વધતાં આઠ વર્ષનો થયો. એકદા તે અઇમુત્તાકુમાર રાજમાર્ગ પર અનેક બાળકો સાથે બાળક્રીડા કરી રહ્યો હતો. એવામાં કર્મસંયોગે એ જ રાજમાર્ગપર લબ્ધિ-વંત શ્રી. ગૌતમસ્વામી ગોચરી અર્થે સંચર્યા. થોડી વારમાં તો શ્રી. ગૌતમસ્વામી જ્યાં બાળકો બાળક્રીડા કરી રહ્યાં હતાં ત્યાં આવી પહોંચ્યા. તેમને દેખતાંની સાથે અઇમુત્તા-કુમાર પૂર્વ ભવના દૃઢ સંસ્કારને લઇને ગૌતમસ્વામી ભગવંતના ચરણ કમળમાં ઢળી પડયો અને ગૌતમસ્વામી ભગવંતને કહેવા લાગ્યો: " હે પ્રભો ! હું આપની જેવો થઇશ." આ સાંભળી ગૌતમસ્વામી ભગવંત આશ્ચર્યચકિત થઈ ગયા અને તે રાજ-બાલકને કહેવા લાગ્યા કે—"ભાઈ, ચારિત્ર તો ખાંડાની ધાર જેવું આકરું અને લોઢાના ચણા ચાવવા જેવું કઠોર છે, એ કંઇ નાના છોકરાઓનો ખેલ નથી. એ તો જિંદગીભર પાળવાનાં મહાવ્રતો છે."

આટલું કહેવા છતાં તે રાજકુમારે ફરીથી એમ જ જણાવ્યું કે: " હે પ્રભો ! હું બાલક છું છતાં પણ આપના સમાન થઇશ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૌતમસ્વામી ભગવાન શેરીએ શેરીએ ગલીએ ગલીએ ફરી બેંતાલીશ દોષ રહિત શુદ્ધ આહારાદિ ગ્રહણ કરી સ્વસ્થાનમાં પધાર્યા. આ બાજુ અઇમુત્તાકુમાર રાજમહેલે આવી પોતાનાં માતાપિતા પાસે વિનયપૂર્વક કહેવા લાગ્યો: "મને વ્રત અપાવો. હું ગૌતમસ્વામી જેવો થઇશ." આવાં હર્ષઘેલાં રાજકુંવરનાં વચનો સાંભળતાં રાજા-રાણી કહેવા લાગ્યાં કે 'ભાઈ, તું અમારો એકનો એક પુત્ર છે. ભાવી રાજ્યનો આધાર તારા ઉપર છે. હજુ તો તું બાલ છે. રાજવૈભવનાં સુખ તેં હજુ જોયાં નથી. યૌવનવય પણ હજુ તું પામ્યો નથી. તારાં લગ્ન કરવાં હજુ બાકી છે. હમણાં આટલી બધી ઉતાવળ શી છે? વ્રત સ્વીકારવાનો શુભ અવસર તો અત્યારે અમારો ગણાય." આટલું બધું કહેવા છતાં પણ અઇમુત્તાકુમાર અડગને અડગ જ રહ્યો—તે લેશ માત્ર પણ ડગ્યો નહીં. સત્પુરુષો તો પ્રાણાંતે પણ પોતાના વચનથી બિલકુલ ચલાયમાન થતા નથી. અઇમુત્તાકુમાર જરા પણ પોતાના વચનથી ચલિત ન થયો એટલે છેવટે માતાપિતાએ [રાજા-રાણીએ] વ્રત સ્વીકારવાની અનુજ્ઞા આપી.

રાજકુંવરની દીક્ષા એટલે શું કહેવું? સમસ્ત નગરને ધ્વજા-પતાકાઓથી શણગારવામાં આવ્યું. ઠેકાણે ઠેકાણે આસોપાલવનાં તોરણો લટકાવવામાં આવ્યાં. દીક્ષાનો શુભ દિવસ પ્રાપ્ત થયો, રાજમહેલથી વરઘોડાની તૈયારીઓ થવા લાગી: વાજિન્ત્રોના ધ્વનિઓ સંભળાવા લાગ્યા. દીક્ષા ઉત્સવનાં ધવલ-મંગલ ગીતો ગવાવા લાગ્યાં. અઇમુત્તાકુમારને વિવિધ જાતનાં વસ્ત્રોથી, વિવિધ જાતનાં અલંકારોથી શણગારવામાં આવ્યા. જોતજોતામાં તો રાજદ્વારે માણસોની અપાર મેદનીની ઠઠ જામી ગઈ. અઇમુત્તાકુમાર હાથી ઉપર આરૂઢ થયા. દાનની રેલમછેલ ઉડવા લાગી. વરઘોડો નગરમાંથી નીકળી બહારના ઉદ્યાનમાં જ્યાં પ્રભુ સમવસરેલા છે ત્યાં આવી પહોંચ્યો. અઇમુત્તા કુમારે પ્રભુ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને તેમને શ્રી. ગૌતમસ્વામીના શિષ્ય તરીકે જાહેર કર્યા. આ પ્રમાણે અઇમુત્તાકુમારનો દીક્ષા મહોત્સવ પૂર્ણ થયો.

અતિમુક્ત બાલમુનિને ગીતાર્થ મુનિવરને સોંપી દીધા. અતિમુક્ત મુનિ સંયમ માર્ગમાં દિવસો ઉપર દિવસો પસાર કરવા લાગ્યા. સંયમ રંગથી તેમનો આત્મા રંગાવા લાગ્યો. એકદા એ બાલમુનિ અતિમુક્ત પ્રાતઃકાળમાં જ ક્ષુધાતુર થવાથી કોઈ શ્રેષ્ઠીને ઘેર ગૌચરી ગયા. ઘરના દ્વારમાં પ્રવેશ કર્યો, ધર્મલાભના મધુર શબ્દો કહ્યા. સવારના પહોરમાં જ ક્ષુલ્લક મુનિને પોતાના ઘેર આવેલા દેખી શ્રેષ્ઠીની પુત્રવધૂ હાંસી કરવા પૂર્વક બોલી: "કેમ અત્યારમાં અસુર થઇ ગયું? કેમ આટલી બાલ વયમાં સાધુ થઇ ગયા?" તેના પ્રત્યુત્તરમાં બાલમુનિવરે જણાવ્યું કે—"હું જે જાણું છું તે નથી જાણતો." ત્યારે તે પુત્રવધૂએ મુનિવરને પૂછ્યું કે—"આપે શું કહ્યું? તે હું ન સમજી." તરત જ અતિમુકત મુનિએ આશ્ચર્યકારી એવો અર્થ કહી બતાવ્યો. "હું જે જાણું છું તે મૃત્યુ (મરણ અવસાન) કોઈ પણ અવસ્થામાં બાલ, યુવાન યા વૃદ્ધ કોઈ પણ વયમાં કોઇ પણ ટાઈમે થશે. માત્ર હું નથી જાણતો વહેલું કે મોડું." આ પ્રમાણે ક્ષુલ્લક મુનિવરનો સાભિપ્રાય પ્રત્યુત્તર સાંભળી પુત્રવધૂ દિગ્મૂઢ બની ગઈ અને તેમની પ્રશંસા કરવા પૂર્વક પૂર્વે કરેલી હાંસીની ક્ષમા પ્રાર્થી. મુનિવરે ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મોપદેશ સંભળાવ્યો. પુત્રવધૂએ શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં. બાદ ક્ષુલ્લકમુનિ શુદ્ધ અન્ન પાણી વહોરી સ્વસ્થાનમાં પધાર્યા.

વર્ષાઋતુ ચાલતી હોવાથી ભૂમિ જળથી સીંચાએલી ભાસતી હતી. નદીઓ અને તળાવો પાણીથી ભરચક ભાસતાં હતાં. વનસ્પતિઓ લીલીછમ દેખાતી હતી. મુનિઓનાં સ્થાનો નિયત થયેલાં હતાં. એક સમયે વર્ષા કાળમાં અતિમુક્ત બાલ મુનિના સાંસારિક બાલમિત્રો ન્હાની સરખી તળાવડીમાં જલક્રીડા કરતા હતા તેની સાથે અતિમુક્ત મુનિ પણ પોતાની તરપણી ઉપરની કાચલી પાણીમાં તરાવવા લાગ્યા. પાણીમાં નાવ જેમ તરે તેમ તે કાચલી પણ તરવા લાગી. પોતાના મિત્રો તથા અતિમુક્ત મુનિ આ પ્રમાણે જળ-ક્રીડા કરી રહ્યા છે એટલામાં તે જ તળાવડી નજીકમાં થઈને જતા ગૌતમસ્વામી ભગવંતને દીઠા, દેખતાની સાથે જ એકદમ અતિમુક્ત મુનિ લજ્જિત થઈ ગયા. અરેરે ! મેં આ શું કર્યું ! અપ્કાય જીવોની વિરાધના કરી ! એમ વિચારતા ત્યાંથી પાછા ફર્યા. અને જ્યાં તરનતારન શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્મા સમવસરણમાં બિરાજેલા હતા ત્યાં અતિમુક્ત મુનિ આવી પહોંચ્યા અને પરમાત્મા સન્મુખ પ્રાયશ્ચિત્ત રૂપ ઇરિયાવહિ પડિક્કમતાં "**દગમટ્ટી દગમટ્ટી**" એ શબ્દો ઉચ્ચારતાં પૃથ્વીકાય અને અપ્કાયના જીવોને ખમાવતાં ઉચ્ચત્તમ શ્રેણીએ ચઢતાં ઘાતી કર્મને ચકચૂર કરતાં ત્યાંને ત્યાં જ લોકાલોક પ્રકાશક અપ્રતિહત અનાશક એવું કેવલજ્ઞાન કેવલદર્શન પામ્યા. અતિમુક્ત મુનિવરે લોકાલોકના તમામ ભાવો હાથમાં રહેલા આંબળાની પેઠે દીઠા. દેવતાઓએ કેવલ-જ્ઞાનનો મહોત્સવ કર્યો.

કેવલજ્ઞાની અતિમુક્ત મહામુનિ અનેક મનુષ્યોને પ્રતિબોધ કરતા કરતા ગામ નગર શહેર પ્રત્યેક સ્થલમાં વિચરતા વિચરતા સૂર્યપુરીના બહારના ઉદ્યાનમાં સમોસર્યા. ઉદ્યાન-પાલકે આવી જિતશત્રુ રાજાને ખબર આપી. મહારાજા જિતશત્રુ ઘણા જ ઠાઠમાઠ પૂર્વક પરિવાર સહિત વંદનાર્થે પધાર્યા. ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કરી સ્વસ્થાને બેઠા. અતિમુક્ત કેવલીએ દેશના આરંભીઃ આયુષ્ય વાયુના જેવું ચંચળ છે, યાવત ઇંદ્રધનુષ્ય જેમ ચપળ છે, લક્ષ્મી વિજળીના ચમકારા જેવી, સમુદ્રના કલ્લોલ જેવી છે, પ્રેમ હસ્તના કર્ણ જેવો અસ્થિર છે. એમ સમજી હે ભવ્ય જીવો, આ ધર્મકલ્પતરૂને આરાધો. જેમ કલ્પતરૂ માગેલી સર્વ વસ્તુને પરિપૂર્ણ કરે છે તેમ ધર્મકલ્પતરૂ પણ ઇચ્છિત ફલને આપનારો છે. જ્યાંસુધી આ શરીર રૂપી ઘર સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થા હજુ દૂર છે, ઇન્દ્રિઓની શકિત હજુ હીણ થઇ નથી, આયુષ્ય પણ ક્ષીણ થયું નથી, નેત્રો પણ મીંચાયા નથી ત્યાં સુધીમાં પ્રાજ્ઞ પુરુષોએ જેટલો ધર્મ સધય તેટલો સાધી લેવો, કારણ કે બે નેત્રો મીંચાયા એટલે ખલાસ. વારંવાર આ મનુષ્ય ભવ પ્રાપ્ત થતો નથી. તેની તો એકેક ક્ષણ પણ અણમૂલી છે. મોક્ષપુરીમાં જવાનો રસ્તો પણ અહીંથી જ છે. ઇત્યાદિ દેશનાનો ધોધ પ્રવાહ વહેવરાવ્યો. દેશના પૂર્ણ થઇ. બાદ જિતશત્રુ તથા ધર્મીજનોએ શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં. અતિમુક્ત મુનિ અન્યત્ર વિહાર કરી ગયા.

આમ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અતિમુક્ત મહામુનિ અનેક જીવને પ્રતિબોધતાં આયુષ્ય ક્ષીણ થયે સકલકર્મનો ક્ષય કરી અનંત અવ્યાબાધ અવિચલ એવા મોક્ષ મહેલમાં પધાર્યા. ધન્ય છે એવા ક્ષુલ્લક મહામુનિ અતિમુક્તને કે જેમણે ઇરિયાવહી પડિક્કમતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

લેખક—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

( ગતાંકથી ચાલુ )

## પ્રભુશ્રી મહાવીરનાં વચનોમાં નયવાદની પ્રધાનતા

[ગતાંકમાં આપણે જોયું કે જમાલિ 'કરાતુ એ કરાયું' એ વાદ ન સ્વીકારતા અંશે અંશે કાર્ય ઉત્પન્ન થાય છે એમ માને છે, પરંતુ ઋજુસૂત્રનયને આધારે પ્રતિ સમયે કાર્ય થાય છે અને એ રીતે 'કરાતુ' એ કર્યું'' એ વાદ સમ્યગ્ છે એમ માનનાર મુનિઓ જમાલિને જે ઉત્તર આપે છે તે વિચારીએ]

**નયજ્ઞાનની આવશ્યકતા**—મુનિઓનો આ ઉત્તર સ્હેલાઈથી સમજાય તે માટે સંક્ષેપથી નયનું સ્વરૂપ જાણવું આવશ્યક છે.

જગતના સર્વ વ્યવહારમાં નયજ્ઞાનની આવશ્યકતા રહે છે. નયજ્ઞાન સિવાય જો કોઈ પણ વિચારણા કે કોઈ પણ વ્યવહાર ચલાવવામાં આવે તો તે વિચારણા યા વ્યવહાર પોતાનું વાસ્તવિક ફળ ઉત્પન્ન કરી શકતા નથી, એટલું જ નહિ પણ વિપરીત ફળ ઉત્પન્ન કરે છે.

**નયનું સામાન્ય સ્વરૂપ**—નયને સામાન્ય રીતે સમજવા માટે 'ઢાલની બે બાજુ' વાળું દૃષ્ટાન્ત સારો પ્રકાશ પાડે છે. તે આ પ્રમાણે છેઃ

પૂર્વના સમયમાં શૂરવીરતા મોટે ભાગે રજપુત જાતિમાં વખણાતી. ગામ ઉપર કોઈ પણ સંકટ આવે તો રજપુત પોતાના પ્રાણ આપીને પણ સંકટ નિવારણ કરતો.

એક ગામ ઉપર એક પ્રસંગે કેટલા એક લુંટારૂઓએ લૂંટ ચલાવી. એક રજપુતે પોતાના પ્રાણનો ભોગ આપીને પણ તે લુંટારૂઓથી ગામને બચાવ્યું. ગામવાળાઓએ તેના સ્મરણને માટે ગામને પાદરે તેની સ્મારક પ્રતિકૃતિ (પાળીયો) બનાવી અને તે વીરના હાથમાં એક તલવાર અને ઢાલ મૂકયાં. તે ઢાળને બે બાજુ હતી. લોકોએ તેની એક બાજુ સોનાથી અને બીજી બાજુ રૂપાથી રસાવી હતી.

એક વખતે પરદેશી બે મુસાફરો તે ગામને પાદરે નીકળ્યા. વીર રજપુતના સ્મારકને જોઈને બન્ને તેના વખાણ કરવા લાગ્યા.

એકે કહ્યું કે 'ગામની પણ શું કદર કે હાથમાં રૂપાની ઢાલ આપી છે.'

બીજાએ કહ્યું કે 'જો તો ખરો, હાથમાં તો સોનાની ઢાલ છે.' વાત વાતમાં સોના રૂપાને માટે બન્ને પરસ્પર ગાળાગાળી ને લડવા તૈયાર થઈ ગયા.

ડાહ્યા માણસોએ આવીને સમજણ પાડી કે ભાઈ, તમે શા માટે લડો છો. તમારા બન્નેનું કહેવું સત્ય છે. આ ઢાલની એક બાજુ સોનાની છે અને બીજી બાજુ રૂપાની છે. નીચે ઉતરીને બીજી બાજુને જુઓ તો ખરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી બન્ને મુસાફરો અશ્વ પરથી નીચે ઉતરીને બીજી બાજુને જુએ છે. અને પોતે ફોગટ લડવા હતા તેનો અફસોસ કરતા અને ગામવાળાની ને તે વીરની પ્રશંસા કરતા ચાલ્યા જાય છે.

એ પ્રમાણે જો કોઈ પણ વસ્તુને આપણે એક જ અપેક્ષાએ સમજીએ અથવા કહીએ એટલું જ નહિ પણ બીજી અપેક્ષાનો વિરોધ કરીએ તો સત્ય વસ્તુ સમજાય નહિ એટલું જ નહિ પણ વિરોધ જ વધી પડે છે. અને જ્યારે બીજી અપેક્ષાને સમજીએ ત્યારે સત્ય વસ્તુ યથાર્થ સમજાય છે એટલે **બીજી અપેક્ષાઓનો નિષેધ કર્યા સિવાય એક અપેક્ષાએ વસ્તુને જાણવી કે કહેવી તેનું નામ નય.**

**નયના વિભાગ**

**પ્રશ્ન**—ઉપર જે નયનું સ્વરૂપ બતાવ્યું તે નય શું એક જ છે કે અનેક છે?

**ઉત્તર**—ઉપર બતાવેલ નય અપેક્ષાને અવલંબે છે. અપેક્ષા એક જ નથી હોતી, માટે નય એક નથી પણ અનેક છે. વળી અપેક્ષા તો વ્યક્તિ દીઠ વચન દીઠ જુદી જુદી હોય છે એ રીતે જેટલી અપેક્ષાઓ છે તેટલા નયો છે. જે માટે વિશેષ આવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે—**जावन्तो वयणपहा, तावन्तो वा नया विसद्दाओ ॥**

[ (અથવા અપિશબ્દથી) જેટલા વચન વ્યવહારો છે તેટલા નય છે. ]

**પ્રશ્ન**—એ પ્રમાણે તો નય ગણત્રી વગરના થવા તો તે સર્વ નયનું જ્ઞાન કઇ રીતે થઇ શકે?

**ઉત્તર**—જો કે સર્વ નયનું સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ સિવાય અન્યને ન થઇ શકે તો પણ નયનું સ્વરૂપ સમજાય અને સત્ય વ્યવહાર ચાલે માટે જ્ઞાનીઓએ તે સર્વ નયોની જુદી જુદી વહેંચણ કરીને તેઓનો મુખ્ય સાત નયમાં સમાવેશ કરેલ છે, એટલે એ સાત નયનું સ્વરૂપ જાણવાથી નયનું જ્ઞાન થઇ શકે છે.

**પ્રશ્ન**—તે સાત નય કયા?

**ઉત્તર**—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. એ પ્રમાણે તે સાત નયો છે.

## નૈગમનય

**પ્રશ્ન**—તે સાત નયોમાં પ્રથમ નૈગમ નય કોને કહેવાય?

**ઉત્તર**—નૈગમ નયનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું—નિગમ એટલે લોક અથવા સંકલ્પ. તેમાંથી જેની ઉત્પત્તિ છે તે નૈગમનય એટલે કે લોક પ્રસિદ્ધ અર્થનો સ્વીકાર કરનાર નય તે નૈગમનય[1] છે. અથવા જે નયનો વસ્તુને જાણવાનો માર્ગ એક નથી પણ અનેક છે તે નૈગમનય.

આ નય વસ્તુના બોધમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એમ બન્ને ધર્મને પ્રધાન માને છે.

---

૧. **न विद्यते एको गमो यस्य स नैगमः ।** નૈકગમને બદલે નૈગમ એ પ્રમાણે જે સમાસમાં **क** નો લોપ થએલ છે તે વ્યાકરણના પૃષોદરાદિગણને આધારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—આ સ્વરૂપ સ્પષ્ટ સમજાય તે માટે કોઈ ઉદાહરણ આપો ?

**ઉત્તર**—આ નયને માટે ભાષ્યમાં ત્રણ ઉદાહરણ બતાવ્યાં છે. એક નિલયનું, બીજું પ્રસ્થકનું અને ત્રીજું ગામનું. તે આ પ્રમાણે.

## ઉદાહરણ પહેલું; ઘરનું

કોઇ મનુષ્યને પૂછવામાં આવે કે, તમે કયાં રહો છો ? તો તે કહે કે લોકમાં, લોકમાં કયાં ? તો કહે કે મધ્ય લોકમાં, મધ્ય લોકમાં કયાં ? તો કહે કે જંબૂદ્વીપમાં, ભરતક્ષેત્રમાં, મધ્ય ખંડમાં, હિન્દુસ્તાનમાં, ગુજરાતમાં, સુરતમાં, ગોપીપુરામાં, પૌષધશાલામાં અને છેવટે મારો આત્મા છે તેટલા પ્રદેશમાં.

આ સર્વ પ્રકારો નૈગમનયને આશ્રયીને યથાર્થ છે. તેમાં પૂર્વ પૂર્વ વાકયો ઉત્તર ઉત્તર વાકયની અપેક્ષાએ સામાન્ય ધર્મનો આશ્રય કરે છે.

## ઉદાહરણ બીજુ; પ્રસ્થકનું

કોઈ સુથાર જંગલમાં જતો હોય, અને માર્ગમાં તેને કોઈ પૂછે છે કે શું લેવા જાઓ છો ? ત્યારે તે કહે કે પ્રસ્થક[૨] લેવા જાઉં છું. જંગલમાં જઈને લાકડું કાપતો હોય ત્યારે કોઈ પૂછે કે શું કાપો છો ? તો કહે કે–પ્રસ્થક કાપું છું. લાકડું લઇને ઘર તરફ આવતો હોય અને કોઈ પૂછે કે શું લાવ્યા છો ? તો કહે કે પ્રસ્થક. છેવટે પ્રસ્થકનો આકાર બનાવતાં પણ પ્રસ્થક કહે છે. તે લાકડાને ચીરતાં છોલતાં ઘડતાં એમ સર્વ કાર્ય કરતાં સુથાર લાકડાને પ્રસ્થક શબ્દથી સંબોધે છે. આ વ્યવહાર પણ નૈગમનયને આશ્રયીને જ છે. આ ઉદાહરણમાં વિશેષની પ્રધાનતા છે.

## ઉદાહરણ ત્રીજું; ગામનું.

કેટલાક મુસાફરો મુસાફરી કરતાં કરતાં સુરત તરફ જતા હોય ત્યાં તેઓ સુરતની હદમાં પ્રવેશ કરે એટલે, તેમાંથી કોઈ પૂછે કે આપણે કયાં આવ્યા ? ત્યારે જાણકાર કહે કે સુરતમાં. થોડું આગળ ચાલે અને ગામની બહારના બાગ બગીચામાં પ્રવેશ કરે તે સમયે કોઇ પૂછે ત્યારે પણ સુરતમાં આવ્યા એમ કહે. ગામના કિલ્લા પાસે આવે ત્યારે પણ સુરતમાં આવ્યા. ચૌટામાં–મહોલ્લામાં, ઘરમાં અને પોતાને રહેવાની જગ્યાએ આવે ત્યારે પણ સુરતમાં આવ્યા એમ કહે. વળી સુરતનાં પાંચ પ્રતિષ્ઠિત ગૃહસ્થો બહારગામ વિદ્વાન આચાર્ય મહારાજને ચાતુર્માસની વિનંતિ કરવા માટે જાય ત્યારે જે ગામમાં ગયા હોય તે ગામના માણસો વાત કરે કે, આજ તો સુરત વિનંતિ કરવા માટે આવ્યું છે. એ પ્રમાણે હદમાં, ઉપવનમાં, કિલ્લામાં, ચૌટામાં, મહોલ્લામાં, ઘરમાં, રહેવાના સ્થાનમાં અને પાંચ પ્રધાન પુરૂષોમાં જે સુરત–સુરત, એવો વ્યવહાર થાય છે તે નૈગમનયને આધારે છે. એ પ્રમાણે જગતના સર્વ વ્યવહારોમાં નૈગમનયની મુખ્યતા છે.

**પ્રશ્ન**—નૈગમનયને સ્વીકારનાર સમ્યગ્દૃષ્ટિ કહેવાય કે મિથ્યાદૃષ્ટિ ?

**ઉત્તર**—નૈગમનયને માનનાર જો બીજા નયનો વીરોધ ન કરે તો સમ્યગ્દૃષ્ટિ કહેવાય અને નૈગમનય સિવાય અન્ય નયનો વિરોધ કરે તો મિથ્યાદૃષ્ટિ કહેવાય.

---

૨. પ્રસ્થક–એટલે લાકડાનું, ધાન્ય માપવાનું માપ વિશેષ જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—જગતમાં અનેક દર્શનો છે તેમાંથી કોઇ દર્શન આ નયની માન્યતાને આધારે થએલ છે?

**ઉત્તર**—વૈશેષિક દર્શન અને નૈયાયિક દર્શન આ નયને આધારે થએલ છે. તે બન્ને દર્શનો વ્યવહારને ઉપયોગી પદાર્થોનું સારી રીતે પ્રતિપાદન કરે છે. તેમના સર્વ પદાર્થો નૈગમનયને આધારે સ્વીકાર કરવા યોગ્ય છે. પરંતુ તેઓ અન્ય નયના વિચારને મિથ્યા માનતા હોવાથી તે બન્ને દર્શનો મિથ્યા છે.

એ પ્રમાણે નૈગમનયનું સ્વરૂપ થયું.

## સંગ્રહનય

**પ્રશ્ન**—બીજા સંગ્રહ નયનું સ્વરૂપ શું છે?

**ઉત્તર—अर्थानां सर्वैकदेशसंग्रहणं [3]संग्रहः ।**

[ સર્વ સામાન્ય એક દેશ વડે પદાર્થોનો જે સંગ્રહ કરે તે સંગ્રહ ]

અર્થાત્ પૂર્વે બતાવેલ નૈગમ નયમાં સામાન્ય અને વિશેષ બન્નેની સમાન ઉપયોગિતા છે. તેમાંથી વિશેષનો ત્યાગ કરી ફક્ત સામાન્યને જ પ્રધાન માની તે સામાન્ય ધર્મ વડે જે નય સર્વ વસ્તુઓનો એકમાં સમાવેશ કરે તે સંગ્રહ નય.

**પ્રશ્ન**—આ સ્વરૂપ સમજાય તે માટે કોઈ દષ્ટાંત આપો.

**ઉત્તર**—કોઈ ગ્રહસ્થ પોતાને જમવા માટે રસોઇયા પાસે ભોજન મંગાવે ત્યારે તે ભોજનમાં દૂધપાક, પુરી, રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, ચટણી વગેરે વસ્તુઓ પીરસે એટલે ત્યાં ભોજનમાં ખાવાની સર્વ વસ્તુઓનો જે સમાવેશ થાય છે તે સંગ્રહ નયને આશ્રયીને છે.

તેવી રીતે વનસ્પતિકાય કહેવાથી તેમાં આંબો, લીંબડો, પીપળો, ગુલાબ, ચંબેલી વગેરે સર્વ વનસ્પતિઓનો સંગ્રહ થાય છે.

જીવાસ્તિકાય કહેવાથી તેમાં, દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એમ સર્વ જીવોનો સંગ્રહ થાય છે.

દ્રવ્ય કહેવાથી જીવ, અજીવ ( પુદ્ગલ ), ધર્મ, અધર્મ, આકાશ, કાળ એમ સર્વ દ્રવ્યનો સંગ્રહ થાય છે.

એ પ્રમાણે સર્વ વસ્તુઓનો સંગ્રહનય સંગ્રહ કરે છે.

**પ્રશ્ન**—આ નયને આધારે કોઈ દર્શનની ઉત્પત્તિ છે?

**ઉત્તર**—સાંખ્ય દર્શન અને ( અદ્વૈત ) વેદાંત દર્શન આ નયના પ્રતીકરૂપ છે. જેમકે સાંખ્ય દર્શન પાંચ ભૂતનો પાંચતન્માત્રમાં સમાવેશ કરે છે. પાંચ તન્માત્રા વગેરે સોળ પદાર્થોનો અહંકારમાં સમાવેશ કરે છે. અહંકાર બુદ્ધિમાં સમાય છે. બુદ્ધિ પ્રકૃતિમાં સમાય છે. એ પ્રમાણે સર્વ જગતને પ્રકૃતિ અને આત્મામાં સંગૃહીત કરે છે, એ સંગ્રહ નયને આધારે થાય છે. સાંખ્ય દર્શનની માફક ( અદ્વૈત ) વેદાંત પણ

૩ **संगृह्णातीति संग्रहः** [ જે સંગ્રહ કરે તે સંગ્રહ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતની સર્વ વસ્તુઓનો બ્રહ્મમાં સમાવેશ કરી **सत्यं ब्रह्म जगन्मिथ्या** એ પ્રમાણે કહે છે, એ સર્વ સંગ્રહ નયને અવલંબીને જ છે.

આ સિવાય અન્ય નયની માન્યતા આ બન્ને દર્શનોને માન્ય ન હોવાથી તે બન્ને દર્શનો અસત્ય કહેવાય છે.

એ પ્રમાણે સંગ્રહ નયનું સ્વરૂપ થયું

## વ્યવહાર નય

**પ્રશ્ન**—ત્રીજા વ્યવહાર નયનું સ્વરૂપ શું છે?

**ઉત્તર—वि-विशेषेण अवहरति प्ररूपयति पदार्थान् इति व्यवहारः** વિશેષે કરીને જે પદાર્થોનું નિરૂપણ કરે છે તે વ્યવહારનય કહેવાય છે. **અર્થાત્** સંગ્રહનય જ્યારે સર્વ પદાર્થોનો સમાવેશ કરે છે, ત્યારે તેનાથી વિપરીત વ્યવહાર નય—દરેક પદાર્થને છૂટા પાડે છે. જેમકે—




એ પ્રમાણે આ નય સર્વ પદાર્થોને વિશેષે કરીને બતાવે છે.
ચાર્વાક દર્શન આ નયને આશ્રયીને પંચભૂત વિશેષે માને છે.
એ પ્રમાણે વ્યવહારનયનું સ્વરૂપ થયું.

૧ **નૈગમ**—સામાન્ય અને વિશેષ બન્નેને સ્વીકારે છે.

૨ **સંગ્રહ**—ફક્ત સામાન્યને જ સ્વીકારે છે.

૩ **વ્યવહાર**—ફક્ત વિશેષનો જ ઉપયોગ કરે છે.

આ ત્રણે નયો લોક વ્યવહારમાં વિશેષ ઉપયોગી છે. દ્રવ્યને વિષય કરીને આ ત્રણ નયનું સ્વરૂપ ચાલે છે, માટે આ ત્રણે નયો દ્રવ્યાર્થિક કહેવાય છે.

શેષ ચાર નયનું સ્વરૂપ હવે પછી વિચારીશું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જિનહર્ષ વિરચિત

# કવિત્વ બાવની

સંપાદકઃ-શ્રીયુત અંબાલાલ પ્રેમચંદ શાહ

[ ગતાંકથી પૂર્ણ ]

**સજ્જનની વિરલતા**

ઘણા કરે અહંકાર, ઘણા મન મચ્છર રાખેં,
ઘણા કપટ કેલવેં, ઘણા અવિચાર્યો ભાખેં;
ઘણા નીચ સંગતિ, ઘણા નર હઠી હરામી,
ઘણા આપ સ્વારથી, ઘણા ક્રોધી ને કાંમી;
નિલજ, નિખર, નિગુણા ઘણા, કાગ તણી પરિ જિકા તિહાં,
જિનહરષ હંસ જિમ થોડલા, સજન દિસેં કિહાં કિહાં. ૨૧

**ઇન્દ્રીયોનું સંયમન**

નયણ[૮૨]વયણ[૮૩] વશિ કરેં, કરેં વશિ ઇન્દ્રી ચંચલ,
કામ ક્રોધ વશિ કરેં, કરેં વશિ લોભ પરિઘલ;[૮૪]
મન મરકટ[૮૫] વશિ કરેં, કરેં વસ વિષય વિકારી,
નિજ આતમ વસિ કરેં, કરેં વસિ રસના[૮૬] ભારી.
રાગ ને દ્વેષ અરી જીપજે,[૮૭] મોહ મયણ[૮૮] રસ રાખિજેં;
જિનહરષ ત્રિજગતન વસીકરણ, મુગતિ-વધુ રસ ચાખિજે. ૨૨.

**ભાગ્ય વિના પુરૂષાર્થની નિરર્થકતા**

ચરણે ભુઈ[૯૦] ગાહતો,[૯૧] દેસ પરદેસ ફરંતો;
જલ [૯૨]સાયર લંઘતો, કામિ કેઈ કમ્મ કરંતો,
ચિત્ત ચાલા ગુંથંતો, કુબુદ્ધિ માંન માંહિ ધરતો;
કરતો [૯૩]સઉદાસુત, રહેં દિન રાતિ ભમંતો,
[૯૪]ધઠ કાજિ કરેં ધંધા ઘણા, કપટ હઈઆ માંહિં ધાવતો,
જિનહરખ કહેં ધન કિહાં થકી, જો ભાગ્ય વિના ન મિલેં એતો. ૨૨

---

૮૨ આંખ, ૮૩ વચન, ૮૪ પરિગ્રહ, ૮૫ વાંદરો, ૮૬ જીભ, ૮૭ વશ કરજે, ૮૮ મદન-કામદેવ, ૮૯ મુક્તિરૂપી સ્ત્રી, ૯૦ ભૂમિ, ૯૧ રઝળે, ૯૨ સાગર, ૯૩ સોદા ને વેચાણ, ૯૪ ધીઠ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૯૫]છપ્પયવાળો હોઈ; ફૂલ કેતકી સુગંધો,
નારીવાલો હોઈ, અવલ આભરણ નિબંધો;
રાજાવાલો હોઇ, [૯૬]તુરીય ચંચલ ચાલંતો,
કૃપણવાલો હોઈ, દામ હરખેં દેખંતો,
કામી નરવાલી [૯૭]ત્રિયા, [૯૭]વાલહી [૯૯]સિજજા ઉંઘતાં;
જિનહરષ કહેં સજ્જન સુણો, તિમ દાંતાવાલો માગતાં. ૨૪

## વૃધાવસ્થાનાં લક્ષણ

જરા [૧૦૦]કીયો જાજરો, [૧૦૧]પિંડ પરચંડ હૂં તો,
[૧૦૨]જુઉ પગ ડગ ન સકેં ભરેં, સીસ ધુજન વાગો,
સો જીભ કરેં [૧૦૩]લીલરા, સમજિ ન પડેં બોલતાં,
પડે [૧૦૪]લાલ મુખ થકી, દાંત પડીયા દેખતાં,
આંખરી જ્યોતિ [૧૦૫]માઠી પડી, ઉઠ બેંઠ થઈ [૧૦૬]પરવસા.
જિનહરષ બાલ હાસી કરેં, [૧૦૭]જરા વિગોયા [૧૦૮]માણુસા. ૨૫

## કલેશ – ત્યાગ

ઝગડે રગડો કહ્યો. માંમ[૧૦૯] ઝગડાથી જાવેં,
કગડેં[૧૧૦] ભલો ન હોઈ. બડો કગડો કહાવેં;
ઝગડેં ધનરી[૧૧૧] હાંણિ, વાણી પિણ કોઇ ન માનેં,
ઝગડેં ચિંતા હોઈ, મુંઠી પિણ ચાંપે છાંની;
ઝગડો કરેં તે નર ભણી, કહેં ડાંડીઉ[૧૧૨] સહુઇ ઇસો;
જિનહરષ કગડો[૧૧૩] કીજેં નહી, જગડેં જસ ન હોઇ કીસ્યો. ૨૬

## નારીનાં અંગોપાંગ જોવાનો ત્યાગ

નયણ ન જોવેં રૂપ, રૂપથી મયણ[૧૧૪] ઉબટેં,
વદન ન જોવેં નીરખી, જોવતાં ચિત્ત પલટેં;
અધર ન જોવેં રંગ, વિરંગો[૧૧૫] જોવેં નહી,
ઉરોજ[૧૧૬] જલેં જિમ નેહે દીપ પતંગો;
જોવેં નહી કટિ[૧૧૭] પત્તળી, નારી અંગ સહૂ વસીકરણ,
જિનહરષ રાગ ધરી જોઇ ઇંતો, શીયલ તણો થાંઈ હરણ. ૨૭

---

૯૫ ભમરો, ૯૬ ઘોડો, ૯૭ સ્ત્રી, ૯૮ વ્હાલો, ૯૯ શય્યા, ૧૦૦ વૃદ્ધાવસ્થા, ૧૦૧ કાયા, ૧૦૨ જૂ, ૧૦૩ વલવલાટ, ૧૦૪ લાળ, ૧૦૫ ઝાંખી ૧૦૬ બીજાને આધારે, ૧૦૭ વૃદ્ધાવસ્થાથી વગોવાયેલા, ૧૦૮ માણસો, ૧૦૯ મમતા, ૧૧૦ કલેશ, ૧૧૧ ધન, ૧૧૨ ડાંડ, ૧૧૩ કલેશ, ૧૧૪ મદન–કામદેવ, ૧૧૫ વૈરાગી, ૧૧૬ છાતી–સ્તન, ૧૧૭ કેડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભીખારીનું લક્ષણ

ટુક ટુકરે[૧૧૮] કાજિ[૧૧૯] ફિરી, ઘરે ઘરે માંગતો,
ખમેં ગાલ[૧૨૦] પારકી, ખમેં વચણ લાગંતો;
ઉઠેં કરતો પ્રીત, આસ પારકી સદાઈ,
ઓલખ કરેં નીચરી, છોતિ લેખવે ન કાંઇ;
મુખ જાસ વાસ જોતો નહી, પાછો કડેં જોવેં તિહાં,
જિનહરષ પેટ દુભ્ભરભરણ[૧૨૧] જાઇ, મરણ થાઇ તિહાં. ૨૮

## મશ્કરીનો ત્યાગ

ઠેક[૧૨૨] કરે નર જેહ, તેહનો સંગ ન કીજીઇ,
ઠેક કરેં નર જેહ, તેહ પાસે ન રહીજીઈ,
ઠેક કરેં નર જેહ, તાસ કો ભલો ન બોલે,
ઠેક કરેં નર જેહ, તેહ તો ત્રિણખલા[૧૨૩] તોલેં,
ચિહુમાંહિં કોઈ માને નહિ, ઠેક કરે નર તેહનેં;
જિનહરષ ઠેક કીજેં નહી, ઠેક બિગાડે નેહનેં. ૨૯

## [કર્કશા નારી વિના] સર્વ ભયનો ત્યાગ

ડરીઇ નહીં સીંહથી, અગનિ ઝાલથી ન ડરીઇ;
ડરીઇ નહી ભૂતથી, જિણ રૂઠે નહ મરીઈ;
ડરીઈ નહી સાપથી, જેહ કાલો પિણ[૧૨૪] વાલો,
ડરીઈ નહી સમસાંન, જિહાં પ્રેતાદિકનો ચાલો,
દરીઆવ માંહિં ડરીઇ નહી, વાહણ જિહં જાઇ વહી,
જિનહરષ કરકશા નારિશું, ડરીઇ તો ડરીઈ સહી. ૩૦

## કીર્તિની અસ્થિરતા

ઢહે[૧૨૫] મંદિર માલીયા, કોટ ગઢ પણિ ઢહીં જાઇં,
ઢહેં દેવ દેહરા, અનડ ગિરિણ ઘર થાઇં;
ઢહેં ગહન વન વૃક્ષ, ઢહેં કીધી જે માયા,
દેવતણી નરતણી, ઢહેં સુંદર સોઇ કાયા,
જિનહરખ સુથિર જસ કોટડો, જો લાગેં દુસમણરા ધકા,
પણિ ઢહેં નહી જુગ જાવતાં, ઉંડી જડ[૧૨૬] ઘાતી જિકા. ૩૧

---

૧૧૮ ટુકડો, ૧૧૯ માટે, ૧૨૦ ગાળ, ૧૨૧ દુઃખે કરીને ભરાય એવું, ૧૨૨ ઠેકડી-મશ્કરી, ૧૨૩ તરખલાની તોલે, ૧૨૪ ફેણવાળો, ૧૨૫ પડી જાય, ૧૨૬ ઘાલી કર્મો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### પરનારીનો ત્યાગ

નારી તજે પારકી, નારિથી અવગુણ હોસ્યેં,
ચઢસ્યેં સીસ કલંક, લોક સહૂ કોઈ જોસ્યેં;
પરનારી પરસંગ, જોઈ રાવણ લંકાપતિ,
દસ સિર છેદ્યાં રાંમ, થયો અપજસ ગઈ કીરતિ;
દ્રુપદી કાજે કીચક હણ્યો, પાંડવ ભીમ મહાબલી;
જિનહરખ કહે એણેં ભવ ઘણા, પરભવ લહીઈં દુરગતિ વળી. ૩૨

### કામને જીતવાની દુષ્કરતા

તરવો સમુદ્ર સુગમ, અગ્નિ જ્વાલા પીવાઈ,
વાઘ વેઢણ સોહિલો, સુગમ [127]અહીદાંત ગુણાઈ;
સુગમ ચઢણ આકાશ, ખગ્ગ કડ સુગમ સહંતા,
લડવો સુગમ સંગ્રામ, પ્રાંણ જાઈ પેખતાં,
ગજરાજ મત્ત રમત્તા સુગમ, સુગમ કલા સહૂ સીખતાં;
જિનહરખ કહે પણિ દોહિલો, કામ [128]મહાભડ જીપતાં. ૩૩

### દુર્જનના સ્નેહની અસ્થિરતા

થિર નહી કુંજર [129]કાંન, માંન કાયરો તિમહીજ,
થિર નહી ઉંદર મુંછ, પુંછ ઘોડારો મહિજ;
અથિર ગણુરી બાંહ,[130] વાન થિર નહી સંધ્યારો,
ડાભ અણી જલ બિંદુ, અથિર તિમ વાય વિચારો,
દેવલ ધ્વજા થિર નવિ રહે, કહે જિનહરખ સુજાણ;
એમ નર નીચ નેહ ખર સબદ જ્યું, ઘટત રથ જાંઈ તિમ. ૩૪

### મંગળવસ્તુ નિર્દેશ

દહી મહા મંગલીક,[131] દ્રોબ મંગલીક કહીજે;
લઘુ કન્યા મંગલીક, ગાઈ મંગલીક કહીજે;
ભેરી સંખ મંગલીક, ફૂલ મંગલીક મિષ્ટ ફૂલ,
અગનિ મંગલિક નિર્ધુમ, અશ્વ [132]માતંગ સુમંગલ;
રાંધ્યો અન્ન [133]સુહવ [134]ત્રિયા, માટી [135]મંસમંગલ પરમ,
જિનહરખ દ્રવ્ય મંગલીક સહૂ, પણિ ઉત્કૃષ્ટો મંગલ ધરમ. ૩૫

---

૧૨૭ સાપનો દાંત–વિષ, ૧૨૮ મોટા શૂરવીર યોદ્ધો, ૧૨૯ હાથી, ૧૩૦ બાઢ–ભરતી
૧૩૧ ધ્રો–દુર્વાઘાસ, ૧૩૨ હાથી, ૧૩૩ સૌભાગ્યવતી, ૧૨૪ સ્ત્રી–ભાર્યા, ૧૩૫ માંસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ધર્મફળ

ધરમ થકી નવ નિદ્ધિ, સિદ્ધિ પણિ આઠે લહીઇ,
ધરમ થકી ઋદ્ધિ વૃદ્ધિ, ધર્મ થકીં સુખીયા થઇઇ,
ધરમ થકી સંપજ્જે નારી, સુગુણી [136]પિક વયણી,
ધરમ થકી સુવિનીત, પુત્ર સુખ દેં દિન રયણિ;
પરિવાર સયલ ગમતો મિલેં, ધૂના મંદિર ધવલ હર,
જિનહરષ અશ્વ ગજ પાલખી, ધરમ થકી વાસો સહર. ૩૬.

### ઉત્તમ નર લક્ષણ

નર ઉત્તમ સોઇજ્જિ, રીતિ ઉત્તમૈં જે ચલ્લે;
નર ઉત્તમ સોઇજ્જ, લિયો પિણ જિકો મિલ્લે;
નર ઉત્તમ સોઇજ્જિ, જિકો દુખિયા દૂખ ભાંજે,
નર ઉત્તમ સોઇજ્જિ, જિકો કુલ કાલિંમ માંજે;
ધન પાંમી જિકો વાવરે, ધરમ કાજ ઉદ્યમ કરે,
જિનહરષ ઉત્તમ નર સોઈ ગિણિ, જિકો પાપ કરતો ડરે. ૩૭

### કૃપણ લક્ષણ

પાપ ધરે ધન કાજિ, કરે આરંભ કેતાઈ,
ફિરેં દેસ પરદેસ, છલ ચિંતવે નિતાઇ;
વંચે નિજ બાપનેં, [137]માયને છેહ દેખાડે,
ન ગણે સગપણિ કોઇ, પ્રીત કિણસું નહિ પાલે;
ધન ધન કરતો [138]ધાવતો, એમ આઉખો પૂરો કરેં;
જિનહરષ પાઇ ખરચે નહી, તિકો સાપ હોઇ ઉપરિ ફિરે. ૩૮

### ઉત્તમ કરણી વિના જીવનની નિરર્થકતા

ફિટ જિંવ્યો ત્યાં નરાં, જિકો અપવાદ બોલાવેં,
ફિટ જિંવ્યો ત્યાં નરાં, જિકો કુલ લંછણ લગાવેં;
ફિટ જિંવ્યો ત્યાં નરાં, દેખી માંગણ મોહ ટાલેં,
ફિટ જિંવ્યો ત્યાં નરાં, જિકો બોલીયો ન પાલેં;
નિર્લજ્જ [139]નખર લાજે નહી, જિમ તિમ બોલે મોઢ થકી;
જિનહરષ તાસ ફિટ જીવીયો, જિણેં ઉત્તમ કરણી ન કી. ૩૯

### બુદ્ધિનું નિદર્શન પૂર્વકનું ફળ

બલ થકી બુદ્ધિ આગલી, બુદ્ધિથી આપ ઉગારેં,
એક સીંહ વન રહેં, ઘણા વનચરને મારેં;

---

૧૩૬ કોયલ, ૧૩૭ માતાને, ૧૩૮ દોડતો, ૧૩૯ નિષ્ઠુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહૂ મિલી બંધ બાંધીયો, એક વારેં વનવાસી,
તુજ આગલેં આવસ્યેં, કરેં ભક્ષણુ સુખ થારયેં;
સસલેં હી ઘાલ્યો કૂપમેં, મૃગપતી જંપાળ્યો ક્રુધેં;
જિનહરષ નબલ સબલ હણ્યો, પોતે ઉગારીયો બુધેં. ૪૦

**કષાય ત્યજી ધર્મનો સ્વીકાર**

ભજો એક ભગવંત, તજો મમતા મનકેરી,
રાખો ઉચિત સમાધિ, ધરો સમતા અધિકેરી;
તજો લોભ લાલચિ, કપટ મત રાખો મનમેં,
મ કરો કિણુસું રાડ,[140] રખે મન રાખો ધનમેં,
પરિવાર રાગ સુત રાગીયા, લાગી મત એહસું રહો;
જિનહરષ ધરમ હિતસું કરો, જિમ મન વંછિત ફલ લહો. ૪૧

**દોહલી વસ્તુની પ્રાપ્તિ**

મનુષ્યપણું દોહિલો, ચ્યાર ગતિ માંહિં લહવો,
બીજો વળી દોહિલો, સૂત્ર સિદ્ધાંત સુણવો;
સદ્દહણા દોહિલી, ધરમ ઉપર આવતાં,
સંજમ વિષય દોહિલો, વીર્ય પૂન્યે પાવંતાં,
આરજ દેશ આરજ કુલ, સામગ્રી સહૂ પાંમીનેં,
જિનહરષ ધરમ કરેં જે સદા, જિન ચરણે સિર નાંમિને. ૪૨

**કલીયુગનાં લક્ષણ**

યગન[141] તજ્યો બ્રાહ્મણેં, કુલ ન્યાઈ ન ચલ્લેં,
લોક કરેં પરતાત, સાધુ ઉનમારગ હલેં;
માંગ્યા ન વરસ્યેં મેહ, કામિની પતિ છંડે,
પીતા ગ્રહેં ધીદ્રવ્ય,[142] શિષ્ય ગુરુસું કલિ મંડે;
દીઇં સીખ પુત્ર માવિત્રનેં, મન મમતા વાધી ઘણી,
જિનહરષ ક્ષત્રિય બલ તજ્યો, આ નિસાંણી કલયુગ તણી. ૪૩

**સતયુગની વસ્તુઓનો નાશ**

રયણ[143] ખાંણ નહી કાંઈ, ગયો બાવલા ચંદન,
નારિ નહી પદમણી, નહી વિષયહારી કુંદણ,[144]
પાંણીપંથ ન તૂરી,[145] સીસ ગયવર[146] નહી મોતી,
ચિંતામણી નહી રયણ, સફલ મન ઈચ્છા હોતી,

૧૪૦ રાગ, ૧૪૧ યક્ષ, ૧૪૨ પુત્રીનું દ્રવ્ય–કન્યાવિક્રય, ૧૪૩ રત્ન, ૧૪૪ સોનું, ૧૪૫ ઘોડા, ૧૪૬ હાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરધેનુ નહી સુરકૂંભ, પણિ નહી દાંન દાતાજિ,
કાં જિનહર્ષ થોક એતરા ગયા, સતયુગ એક જાતાં થકાં. ૪૪

**કૃતાર્થતાનું લક્ષણ**

લચ્છિકા[૧૪૭] સુકયત્થ,[૧૪૮] જિકા પર કજ્જે આવે,
નારિ તિકા સુકયત્થ, જિકા ભરતાર સુહાવેં,
પુત્ર તિકો સુકયત્થ, જિકો જીવતાં પાલે,
મિત્ર તિકો સુકયત્થ, જિકો નહી છેહ દિખાવેં,
પંડિત જિકો સુકયત્થ, ગિણિ પૂછચારો ઉત્તર દીઇ,
જિનહરષ સુગુરૂ કયત્થ સો, જિકો સહૂ પર હિત રાખે હીયે. ૪૫

**અનિષ્ટ વસ્તુ નિર્દેશ**

બુરો અકાલેં મેહ, બુરો અવસર વિણ હાસો,
બુરો નીચસું નેહ, બુરો જંગલમાં વાસો,
બુરો [૧૪૯]ચાડનો સંગ, બુરો ઠાકુર મતવાલો;
બુરો નારિ વિણ ગેહ, બુરો તસ્કર [૧૫૦]રખવાલો;
ધનવંત કૃપણ સોઈ બુરો, બુરો કામ અવિચારીયો;
જિનહરષ મૂઢ બેટો બુરો, જ્ઞાંન વિના સુંનો હિયો. ૪૬

**સત્ત્વ રક્ષણ**

સત્ત્વ વડો સંસારી, સત્ત્વથી સંપત્તિ આવે;
સત્ત્વ ધર્મ આધાર, સત્ત્વથી આપદ જાવેં;
દેવ નમેં સત્ત્વથી, કોઈ દૂર્જન નવિ ગંજે;
સત્ત્વ થકી બલવંત, સબલ અરીયલ [૧૫૧]દલ ભંજે;
સત્ત્વ તપેં સૂરજ ગયણ, સત્ત્વેં ધરી વસુંધરા;
જિનહરષ સત્ત્વ નર આભરણ, સત્વ ન છંડો રે નરા. ૪૭

**સાચા ધર્મનું લક્ષણ**

ખરો ધરમ સોઈજિજ, આપ પરી સરીખા જાંણે;
ખરો ધરમ સોઈજિજ, ક્રોધ મનમાંહિ નાંણે;
ખરો ધરમ સોઈજજ, શુદ્ધ વિવહાર વિચારે;
ખરો ધરમ સોઈજિજ, કપટ મનમાંહિ ન ધારેં,
સુખ લહીઈ મુગતિ સુરલોકરાં, પરતિખ સો પીછાંણીયેં,
જિનહરષ કર્મરો ક્ષય કરેં, ખરો ધરમ સો જાણીયેં. ૪૮

**શીયલનું ફળ**

સીયલેં સીતલ આગિ[૧૫૨] જલધી ગોપદ[૧૫૩] સારિખો,

૧૪૭ લક્ષ્મી, ૧૪૮ સુકૃતાર્થ, ૧૪૯ ચાડિયો, ૧૫૦ ચોર, ૧૫૧ શત્રુ, ૧૫૨ અગ્નિ, ૧૫૩ ગોપદ—ગાયના પગના ખાડામાં જેટલું પાણી ભરાઈ રહે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીયલેં અરીયણ મીત્ર, ઝહેર પણિ અમૃત દેખો,
સીયલેં સીહ સીયાલ, હોવેં ગજ બકરી બલીયો,
સીયલેં વિસહર ડોર, જોર કિણેં ન જાઈ કલીયો,
શીલથી દેવદાણવ નમેં, શીયલેં શરીરાં આભરણ;
જિનહરષ સીયલ ચિંતામણી, મન કામિત સહૂ સુખ દીયણ. ૪૯

**મોહાન્ધ માનવીને ચેતવણી**

હરખેં કહ્યું ગમાર, દેખ ધન સંપત્ત નારી;
પ્રોઢ પુત્ર પરિવાર, લોકમાંહિ અધીકારી;
યૌવન રૂપ અનૂપ, ગરવ મનમાંહીં ન માવેં;
કરતો મોડામોડિ, જગત્ર ત્રિણ સરીખો ભાવેં,
આંખીયા મૂઢ દેખેં નહિ, આજિ કાલિ મરવું અછેં;
જિનહરષ સહજ રે પ્રાંણીયા, નહીતર દૂખ પામીસ પછેં. ૫૦

**સમય બદલાય ત્યારે સહુ બદલાય**

લંક સરીખી પુરી, વિકટ ગઢ જાસ દૂરંગમ,
પાપલિ ખાતિ સમુદ્ર જિહાં, પહુંચે નહી વિહંગમ;
વિદ્યાધર બલવંત, ખંડ ત્રિણ કેરો સ્વામી,
સેવ કરેં દેવતા, નવગ્રહ પાએ નાંમી;
દસકંધ વીસ ભુજ જેહનેં, પાર પાખેં સેના બહૂ.
જિનહરષ રામ રાવણ હણ્યો, દિન પલટયે પલટયા સહૂ. ૫૧

**ક્ષમાનું ફળ**

ક્ષમા મંત્ર વસીકરણ, ક્ષમા બલ અબલ નરાને,
ક્ષમા આભરણ સર્વને, સબલ બલવંત ખરાનેં;
ક્ષમા થકી ક્ષય થાઈ, કર્મ આઠેં બલવંતા,
લહીઈં કેવલગ્યાંન, ક્ષમા થકી સુખ અનંતા;
સહૂ ધરમ માંહિં અધકી ક્ષમાં, દેવ સેવા કરેં;
જિનહરષ ખરચ બેંસેંનહી, ધન ધન સહૂકો ઉચરેં. ૫૨

**બાવની યોગ્ય મનુષ્ય**

ભલેં અક્ષર બાવન્ન, કવિત્ત બાવની બનાયા,
કહિજ્યો વિચેં વ્યાખ્યાન, સુણતાં સહૂ મન ભાયા;
ચતુર ગુણી જે હોય, તાસ મુખ સોભાકારી;
સંત કરે વિસ્તાર, જિકેં ન હોઇં અહંકારી;
સત્તરેં અઠહાલીસમેં ( સં. ૧૭૪૮ ), શુદિ આઠમ દિન પંચમી;
જિનહરષ સંપૂરણ બાવંન્ની, કીધી સુગુરૂ પાયે નમી. ૫૩

કવિત્વ બાવન્ની જિનહરષ કૃત સંપૂર્ણમિતિ શ્રેય : સંવત ૧૮૨૫
વર્ષે આષાઢ માસે શુકલ પક્ષે ૭ તિથૌ ભોમવાસરે લિખિતા : [સમાપ્ત]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# देश–ग्राम–नगर–क्षेत्राणां बांधनी–पट्टक

अन्वेषक—आचार्य महाराज श्री विजययतीन्द्रसूरिजी

( गतांक से क्रमशः )

## श्रीमेदपाटदेशे क्षेत्राणां व्यक्ति —

| | | |
|---|---|---|
| उदयपुर १२।१५ | पलाणुं २।३ | मोही २ |
| आहाड ३ | थामलुं २ | पलासली २ |
| नाही २।३ | कोठारीउं ४।५ | लाहो २ |
| देवाली १ | पासखंड २ | रींछेली ३ |
| देलवाडुं ३।४ | कयलवुं ४।५ | झीलवाडुं २ |
| गुढली ३।४ | बणवल २ | गढबोर १।२ |
| खोमली २ | धोधुन्द्री २ | |

| | | | | |
|---|---|---|---|---|
| पींपलाज ठा० १।२ | नीरस | अंतरगाउ | १० | रूपनगरतः। |
| पीही ठा० २।३ | सरस | ,, | १२ | ,, |
| भोरुंदो ठा० २ | ,, | ,, | १४ | ,, |
| हरसोर ठा० ३ | ,, | ,, | १४ | ,, |
| थामलो ठा० २ | नीरस | ,, | ३ | पोहितः। |
| ईटावुं ठा० ३ | सरस | ,, | २५ | रूपनगरतः। |
| सिणोदी ठा० २ | नीरस | ,, | ७ | ,, |

आगरानी बांधणी-दिल्ली १ जिहानाबाद २ कृष्णगढ-रूपनगरनी बांधणी नरायणुं १ वणहेडुं २ अथवा टुंक १ तोडा २ ठाणानै अनुसारइ, मालपुरानी बांधणी–पुर १ मांडलि २ जाणवी।

## अथ मालवदेशे क्षेत्राणां व्यक्ति :—

| | | |
|---|---|---|
| उजेणी ११।१३ | छडोद २ | लुणहरुं २ |
| नोलाही ४।५।६ | फतियाबाद १।२ | सुलतानपुर २।३ |
| देवास ५।६।७ | नीनो ३ | सादलपुर २।३ |
| कालियाद्रह २।३ | रतलाम ८।१० | धर्मपुरी २ |
| कायथुं २।३ | बधनाउर ३ | देपालपुर २।३ |
| ताजपुर २ | मांडवपरिसरे— | देसाई १ |
| वेटमुं २।३ | मांडव ६।७ | तारापुर ० |
| सामेर २।३ | धार ४।५ | डोल ० |
| पींपलूण २ | नालछुं २।३ | जहांगीरपुर १ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सारंगपुर परिसरे—
सारंगपुर ६।७
सिणोरोपाडो ५।६
सोदरसी ४।५
द्रुपाडुं ३।४
दधालीउं ४।५
डग ३
वडोद २
कान्हड २।३
आगर २
गंगराड ३
पींपलरामुं ३
पहुला १।२
मंकोडी २
लाहुरी २।३
पंचोलुं १
पींपलनेर १।२
करहेडुं ४।५
कोशीथल २।३
डसलाणुं २
कपासणि ४।५
गोगुंदो ४
नांदसमुं ३।४
राहुली १।२
जाउर ३।४
दडीवुं २
जासमुं २।३
डभोक २।३
ऊंटालुं ४।५
कर्णपुर १
आकोलुं २।३
वडगाम २
खीमपुर २
ससेरु २
चांगरी २
ताणा २
रासिनी २
माहुली २
घोसुडुं २
भादसोडुं ३।४
लुणधुं २।३
सादडी ४
डुंगलुं ३
मोरवणी २
भद्रेसर २
कान्हरु २
निकुंभ २
पोटला २
लाखेला २
किवारीउं २
ऊंभट २
नींबाहेडुं २
शतखंधु २
सिणवाडि २
खभणोर ३।४
मोलेला २
मंदार २

वागडदेशे—
आसपुर ४
वडोदरु ३।४
पुंजपुर २
पूनालो २
सलुंबर २
डुंगरपुर २
वांसवालुं २
सांगवाडुं १
वभासुं १।२
पाटलुं २
ईटावालनुंगडो १

उदयपुर ठा० १२ लथवा १५ सरस, आहड ठा० ३।४ समता अंतरगाउ २ उदयपुरतः, नाही २।३ सरस अं० ३, वेथाली १ अं० २, डभोक २।३ अं० ५, देलवाडुं ३।४ अं० ५, जाउर ३।४ अं० ८ उदयपुरतः।

गुढली ३।४, खीमली २ अं० २, ऊंटालुं ४।५ कर्णपुर १ अं० १, आकोलुं २ खीमपुर २ अं० ३, चंगेरी २ ताणा २ अं० ३, रासिनी २ आभेट २ अं० ३, भादसोडुं ३।४ भद्रेसर २ अं० ५, सादडोभूपतिजीनो ४ डुंगलुं ३ मोरवणि २ अं० २।३, लुंणधुं २।३ कान्हड २।३ निकुंप ३ किवारीउं २ पलाणुं ३ थामलुं २ अं० १, कोठारीयुं ४।५ पासखंड २ अं० ३, धोधुंदो २।३ मोही २।३ अं० ३, कयलवुं तलाव ४।५ वणवल २ अं० ३, पलासली २ लाहो १।२ अ० ३, रीछेलि ३।४, जीलवाडुं गढबोर १।२, करहेडुं ४।५ कोसीथल २।३ डसलाणुं २, नांदसमुं ३।४ राहुली २, दडीवुं २ जासमुं २ लाखेला २ पोटला २ वडगाम २ खीमपुर २ ससेरु २ खमणोर ३।४ मोलेला २ मंदार २ अं० २, नींबाहेडुं २ शतखंधु २ अं० १ ठाणान ठाम वारू।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उदयपुरनां धांधणी—आसपुर १ वडोदरुं २ घणा ठाणइ हुइ तो पुंजपुरः सांगवाडुं, वांसवालु ३ यथायोग्य पणइ वागडमध्ये लिखिइ पणि मेवाडमध्ये लिखिइ नहीं।

## श्री दक्षिणदेशे क्षेत्राणां व्यक्तिः—

**बर्हानपुरपरिसरे—**

बर्हानपुर १२।१८
बहादरपुर ५।६
सादडो ३।४
खुरमपुर ३।४
नयसिंहपुर २।३
ईदलपुर १
मलकापुर ६।७
आकोला १
षडगुण २।३
वीकनगाम १।२

**नेरपरिसरे—**

नेर २।३।४
जयताणु २।३
नंदरबार १।२

**दौलताबादपरिसरे**

दौलताबाद २
अवरंगाबाद ८।१०
अहम्मदनगर ३।४
ईगोली २।३
बीजापुरशाहपुर८।१०।११
भागनगर २।३

**कुंकणदेशे—**

चीउल ६।७।८
राजापुर १।२
अष्टमी २
मारु १
पालवण २।३
डभोल १
वेशमी १।२
ओझर १।२

आकोलुं, चोपडा, ओसाटां, वडवल, केलसी, जयसिंह-अवरंगाबाद, बर्हानपुरनुं हसनपुर, कल्याण भिमरडी, ए सर्व पतित क्षेत्र जाणवा. आदेशमां राखीवा नहीं।

## श्री गुर्जरदेशे क्षेत्राणां व्यक्ति —

**राधनपुरपरिसरे**

राधनपुर ७।८
वाराही २
वड्डराफ २।३
संखेसर २।३
समी ४।५
चंदूर २
वणोदर २
पंचासर १।२
सांतलपुर ७।८
त्रऊआ १।२

**थिराद्रपरिसरे—**

थिराद्र ४।५
ढीमा १
वाव ४
साचोर ४।५
धारवा २
धनेरा २।३
सोहीगाम ५।६
मोरवाडुं २

**काकरेचीपरिसरे—**

दहीओद्र ४।५
एदुं ३
छालुं २
वेणस २
धूंसणोलि २।३
लोहाणुं २।३
तयरवाडुं ३
राणकपुर २
वातिमफूरणा २

**वडनगरपरिसरे—**

वीसलनगर ४।५
कड़ा २
वडनगर ४।५
सींहपुर २।३
खिरालू २
वलासणुं २।३
धनाली १
ऊंमता २

**सूरतपरिसरे—**

सूरतबिंदर १५।१७
रांनेर ४।५।६
भरुअच ३।४
गंधार ३
वणदीवि २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गमणाद २
दहीजबारुं २
वालहोलि २
व्यारा १

स्तंभतीर्थपरिसरे—

खंभायति ८।१०
शाकरपुर १
मात्र २
बारेजुं २

वडोदरापरिसरे—

वडोदरुं ५।६
डभोई ३।४
बहादुरपुर २।३
नडीयाद २।३
महम्मदावाद १।२
आंत्रोली ४।५
खढोली २

आगलोडपरिसरे—

आगलोड ५।६
बीजापुर २।३
लाडोलि १।२
हरसोर २।३
तलोज २
अहिमन्नगर ३।४
परांतीज २
मोढासुं १।२
ईडर २
सांवली ३
खेड २
ब्रह्मानीजामल २
वडाली २।३
रंगपुर १
ईलोड १
हडाद १
पोसीना १

वऊआ, ढीमा, दहीजबारु, वालहोलि, व्यारा, ब्रह्मानीजामल प क्षेत्र पतित जाणवा विश्रामरूप छइं, थिरता योग्य नहीं समजवा.

## श्री सोरठदेशे क्षेत्राणां व्यक्ति —

दीवबंदिर १२।१५
ऊना २
देवकपत्तन ५।६
वेलाउल ३।४
मांगलोर २।३
जीर्णगढ ६।७
धोराजी ४।५
मझेवडी २।३
वणथलो २।३
पुरबंदिर ४।५
घोघाबंदिर ६।७।८
महुआ ३
दाठा २
पालीताणुं ३
कूकड १
छत्रासुं १

## श्री कच्छदेशे क्षेत्राणां व्यक्ति —

भुजनगर ७।८
धमडकुं ४।५
कटारीउं ३।४
बांढीयुं [गोरानुं]
अंजारि २।३
रवि २।३
कालूस २
माढी २।३
मंडई २।३
मन(फ)रा २
बारही १
कान्हमेर २
चउवारी २
पारकर २
माह १।२
पलांसुउं १
शिवालखुं १
शीकरुं १
बहुआ × १
मोङ्गतरा × १
पलवाल × १
लिणवुं × १
× प गाम सातल पुर कच्छदेशयो रन्तराले जाणवा

## श्री हल्लारदेशे क्षेत्राणां व्यक्तिः—

नवुंनगर ५।६
राजकोट २
पडधरी ५।६
खीलूस २।३
धलोर २
कालावड २।३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| सीसांग २ | खंभालीउं २।३ | भाणवण २ |
| हडीयाणुं १।२ | डोढीउं २ | महिमाणु २ |
| | | गढकुं २ |
| नीकावुं २ | छींकारी २ | धूंआवि २ |

ए क्षेत्र सर्व हवड्डां तो उद्वस छई जानवासारु केवल लिख्यां छई ।

( २ )

## दीक्षा—आदेशनी पत्रीनो पाठ—

पत्रीनां शिरनामा–उ० श्री अमुक गणिवरान् । पं० अमुक गणि योग्यम् । ऋ० अमुक गणि अथवा मुनि योग्यम् ३

॥८०॥ ॐ नत्वा भ० श्री विजयदेवसूरीश्वरगुरुभ्यो नमः । श्री विजयप्रभसूरिभिर्लिख्यते । उ० श्री अमुक गणि योग्यं १ पं० अमुक गणि योग्यं २ अथवा ऋ० अमुक गणि योग्यं ३ अपरं स्वद्रव्येण वेषपात्रादिकरणसामर्थ्ये सति पाककारादिदोषराहित्ये सति एकवर्षमध्ये पाक्षिक–प्रतिक्रमणादि विधिपठनसामर्थ्ये सति .संघ सांसारिकलेखादानपूर्वकं गणमर्यादया श्रीमालीज्ञातीयस्य सा० श्रीवंत नाम्नः, ओसवालज्ञातीयस्य वृद्धशाखीयस्य सा० उदयसिंहनाम्नः । प्राग्वाटज्ञातीयस्य वृद्धशाखीयस्य सा० प्रतापसीनाम्नस्तपस्या प्रदेया । पश्चादुपालंभो नायाति तथा विधेयं संवत् १७२४ वर्षे आश्विनसित १० दिने, इति मंगलम् ।

बइ जणनी चीठी हुइ तो 'अमुक ज्ञातीययोः सा० पेथा मं० झांझण नाम्नोस्तपस्या प्रदेया ।' त्रणिनी अथवा ४ नी तथा ५ नी चीठी हुइ तो 'अमुक जातीयानां सा० पेथा मं. देपाल दो० देदा गां० गांगजी नाम्नां तपस्या प्रदेया, पश्चादुपालंभो नायाति,' इत्यादि लिखीइ । ए सनाम पत्री लिखवानी रीति जाणवी ।

निर्नामिक एकनी पत्री हुइ तो गणमर्यादया वणिग् जात्तीयस्यैकस्य भव्यस्य तपस्या प्रदेया' बि त्रण चारि पांचनी चीठी हुइ तो 'वणिग् जातीययोर्द्वयोर्भव्ययोर्वा वणिग् जातीयानां भव्यानां त्रयाणां चतुर्णां पंचकस्य च तपस्या प्रदेया। एवं भव्यषट्कस्य भव्यसप्तकस्य भव्याष्टकस्य भव्यनवकस्य भव्यदशकस्य वणिग् जातीयानामेकादशानां भव्यानां द्वादशानां भव्यानां त्रयोदश भव्यानां च तपस्या प्रदेया।' ए निर्नामिक पत्री लिखवानी रीति जाणवी ।

( ३ )

## स्थानकवासूनी चीठीनो पाठ—

शिरनामो–ऋ० वीरभद्रगणियोग्यं श्री पाडलीपुरनगरे । ८०॥ ॐ नत्वा भ० श्री विजयदेवसूरीश्वरगुरुभ्यो नमः । भ० श्री विजयप्रभसूरीश्वर चरणसेवी पं० हेमविजयगणि लिखितं ऋ० वीरभद्रगणि उ० श्री देवभद्रगणि-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सत्कयोग्यं । अपरं श्री पू श्रीपूज्यजीइं तुम्हनइं श्री पाडलीपुर नगर मध्ये अथवा अमुक पुरा मध्ये तथा अमुक ग्राम मध्ये थानवास्त रहियानी आज्ञा प्रसाद कीधी छइ ते माटइं तुम्हे श्री पाडलीपुरना संघनइं तथा चउमासी गीतार्थनइ तथा पाटीयाना गीतार्थनइं शाता उपजइ तिम प्रवर्तवुं जउ तिम नहीं प्रवर्त्तो तउ तुम्हनइ आकरी रीस करवी थास्यइ ते प्रीछयो संवत् १७२४ वर्षे आश्विन शुद्ध १० भौमदिने इति मंगलम् ।

(४)

## गच्छसंबंध टालवानी पत्रीनो पाठ—

शिरनामुं– समस्त साधुसाध्वी समवाय योग्यं ।

प ८०॥ ॐ नत्वा भ० श्री विजयदेवसूरीश्वरगुरुभ्यो नमः । श्री विजयप्रभसूरिभिर्लिख्यते । समस्त साधु साध्वी श्रावक श्राविका संघ समवाय योग्यं । अपरं पं० अमुक गणि ऋ० देवदत्त ऋ० यज्ञदत्त प्रमुख संघाडा साथइं अम्हो गच्छ संबंध टाल्यो छइ ते माटै एहो संघाति कुणहिं आलाप संलाप आहार व्यवहार न करवो. अनि जे कोई एहो संघातइ आलाप संलाप आहार व्यवहार करस्यइ तेहनइं आकरो ठबको आवस्यइ । ए समाचार सर्वत्र परस्परइ जणावयो संवत् १७१९ वर्षे वैशाख वदि १० शनि दिने ।

(५)

## गच्छसंबंध करवानी पत्रीनो पाठ—

शिरनामुं–समस्तसाधुसाध्वीसंघसमवाययोग्यम् । प ८० ॥ ॐ नत्वा भ० श्रीविजयदेवसूरीश्वरगुरुभ्यो नमः । श्रीराजनगरतः श्रीविजयप्रभसूरीश्वरचरणसेवी हेमविजयलिखितं समस्तसाधुसाध्वीश्रावकश्राविकासंघसमवाययोग्यं । अपरं श्रीपूज्यजीइं कृपा करीनइं पं० अमुक ग० ऋ० देवदत्त ऋ० यज्ञदत्त प्रमुख संघाडा साथइं गच्छसंबंध कीधो छइ ते माटै एहोनइं उपाश्रयमध्ये ऊतरतां कुणहिं ना न कहिवी. नाम लेई श्रीदेवयात्रा करवी संवत् १७२४ वर्षे आश्विनसुदि १० दिने मंगलमिति ।

---

प्राचीन समय की बनी हुई तीर्थमालाओं, रासाओं, भासों और बालावबोधमय-कथानकों एवं जैनपट्टावलियों में प्राचीन गांव-नगरों के नाम आते हैं, उनका भी इस पट्टक से पता लग सकता है । इसलिये यह पट्टक इतिहासलेखकों के लिये भी बड़े काम का है । ज्ञानभंडारों में विविध प्रकारके पट्टक दिखाई पड़ते हैं, यदि वे समय समय पर प्रकाशित हो जायँ और विद्वान् मुनिवर उनको उपलब्ध होते ही सपरिश्रम प्रकाशित कर दिया करें तो इतिहासलेखकोंको भारी सहुलियत मिल सकेगी । शमिति । (समाप्त)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# धातुप्रतिमाना लेखो

સંગ્રાહક—મુનિરાજ શ્રી. કાન્તિસાગરજી

"શ્રી જૈન સત્ય પ્રકાશ"ના ચોથા વર્ષના ૧૨માં અંકમાં મુંબઈમાં આવેલ ગોડીજીના દેરાસનમાંની ધાતુ-પ્રતિમાના લેખો આપવામાં આવ્યા હતા. પ્રસ્તુત અંકમાં પાયધૂનીપર આવેલ આદીશ્વર જૈન મંદિર, મહાવીર સ્વામી જૈન મંદિર. ચિંતામણિપાર્શ્વનાથ જૈન મંદિર [ગુલાબવાડી] અને ભુલેશ્વર પાસે લાલબાગ જૈનમંદિરમાંની કેટલીક ધાતુપ્રતિમાઓના લેખો સંવતાનુસાર આપ્યા છે. કયો પ્રતિમા લેખ કયા દેરાસરમાંની ધાતુપ્રતિમા ઉપરથી લેવામાં આવ્યો છે તે દરેક લેખના અંતે કૌંસમાં ગુજરાતીમાં આપેલ છે. આ રીતે યથાવકાશ મુંબઈના તમામ દેરાસરોમાં રહેલી ધાતુ પ્રતિમાઓના લેખો આપવા ઇચ્છા છે.

નીચેના લેખો બહુકાળજીપૂર્વક ઉતારવામાં આવ્યા છે, છતાં પણ કોઈ પ્રકારની અશુદ્ધિ રહી હોય તો સજ્જનો સુધારીને વાંચશે એવી આશા સાથે આ લેખો અહીં રજુ કરૂં છું—

॥१॥ संवत १२३८... शुदि २........(આ. મં. પાયધુની)

॥२॥ संवत १२७९ वैषाख शुदि ३ पतिपाल वंशीय श्रे० सिधू सु० महं कीलराजेन प्रतिमा कारिता प्रतिष्ठिता श्री धर्मघोषसूरिभिः।

॥३॥ संवत १२९८ वर्षे ज्येo शुदि १३ सोमे कोरंटगच्छे श्रे० लिखा, सुत पोसरिणा, पुत्र पहुदेव सहितेन प्रतिमा कारिता प्रतिष्टिता श्री कक्कसूरिभिः।

॥४॥ संवत १३६९ फागुण शुदि ९ सोमे श्रे० भूणपाल भा० सुहिवदे पुत्र...... श्री आदिनाथ बिंबं कारितं प्र० चित्रगच्छे अजितदेवसूरिभिः।

॥५॥ संवत १३७६ वर्षे अषाड शुदि...गुरौ श्री नाण....काष्ठ कर्मसींह भा० रूपदे पुत्र अभयपाल श्रेयसे भ्रातृ रावणेन श्री पार्श्व० का० प्र० सिद्धसेनसूरिभिः॥

॥६॥ सं. १३८८ वर्षे...... श्रीमाल ज्ञातीय श्रे० सुमण भार्या सिंगारदेवी सुत माला श्री महावीर बिंबं का० प्र० हेमचंद्रसूरिभिः॥

॥७॥ संवत १४०० वर्षे वाप... अर्जुन साभ.... पुत्र देडसींहेन पित्रोः श्रेयसे श्री महावीर (बिंबं) का० श्री गुणचंद्रसूरीणामुपदेशेन प्र० श्री सुरिभिः॥

॥८॥ संवत १४०४ वैषाख वद १३ श्रीमाल ज्ञातीय श्रे० सामा भा. रत्ना श्रेयसे सुत नडलिकेन श्री चंद्रप्रभबिंबं कारितं प्र० श्री नाणचंद्रसूरिभिः॥

॥९॥ संवत १४२१ वैषाख वदि ५ महं लू.......रुपा श्रे० प्रकृति गोत्रे श्रे० महं... सोमलाखण सुत गीहाभ्यां श्री महावोरबिंबं कारितं श्री धर्मतिलकसूरोणां प्र० श्रीः॥

(૨ નંબરથી ૯ નંબર સુધીના આઠ લેખો લાલબાગનાં જુના મંદિરમાંની ધાતુ-પ્રતિમા ઉપરના છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ १० ॥ संवत १४२३ वर्षे फा. सु. ९श्री श्रीमालज्ञातीय पितृ राणाभा० राणादे पुत्र मेगल प्रधाभ्यां श्रीवासुपूज्य विव [बिंब] कारितं श्री रत्नशेखर-सूरीणामुप० प्रतिष्ठितं-श्री सूरिभिः ॥ (ચિન્તા૦ પાર્શ્વ૦)

॥११॥ संवत १४३२ वर्षे फागुण शुद २ उपकेशज्ञातीय-साह वीरा भार्या लखमादे पुत्र मामाकेन लघुभ्रातृनिमित्तं श्री. पार्श्वं० बिंबं का० प्र० बाकडा (जा)वालगच्छे श्रीधर्मदेवसूरिभिः (લાલબાગ)

॥१२॥ संवत १४५४ व० वैषाख वदि ११ रवौ श्री श्रीमालज्ञातीय पितृ म० छाडा मातृ आहिवदेवि भा० वद्राग सर्वगोत्रिणां श्रे० म० पांचाकेन श्री चंद्रप्रभपंचतीर्थी का० पिपलाचार्य श्री गुणसमुद्रसूरीणां पट्टे श्री शांति सूरिभिः ॥ (ચિન્તા૦ પાર્શ્વ૦)

॥१३॥ संवत १४५४ वर्षे माहशुदि ९ शनौ भा......गच्छे श्री श्रीमाल-ज्ञातीय......आदि० पंच० का० प्र०-विजयसिंहसूरिभिः ॥ (ચિન્તા૦ પાર્શ્વ૦)

॥१४॥ संवत १४७८ वर्षे वैषाख शुदि ६ दिने प्राग्वाट (पोरवाल) ज्ञातीय प० अता भा० सरसइ सु० श्रे० लींबा भा० लखमादे उवै श्रे० वेलायां पागोनारायो देवडदेनामानः [?] देवभा० देवडदे एतैर्विद्यमान निजमातृ श्रे० श्री. श्रेयांस (नाथ) बिंबं कारितं श्री सोमसुंदर-सूरिभिः प्रतिष्ठितं।

॥१५॥ संवत १४८८ माघ वदि २ शुक्रे श्रीवायडज्ञातीय श्रे० लींबा भा० चांपलादे सुत सूराकेन भा० सूहवदेसहितेन माता श्रेयसे अजितनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीबृहत्तपापक्षे श्रीजयशेखरसूरिभिः ॥

॥१६॥ संवत १४९३ ज्ये० शुदि १० प्राग्वाट प० अभयसी, भा. सल-खणदे पुत्र हेमा भा० मती पुत्र प० पाताकेन भा० अर्धू सुत नाथादि कुटुम्बयुतेन स्वमातृपितृ श्रेयसे श्री संभवनाथ बिंबं कारितं प्रतिष्ठितं श्रीसूरिभिः।

॥१७॥ संवत १५०७ वर्षे भाद्र शुदि १३ शुक्रे श्री श्रीमालज्ञातीय सं० साल्हा भा० होलू पुत्र० भा० रायवसा० "सहिमा' भार्या हावा प्रकृ(भृ)ति बांधवे भग्नि (भगिनी) मल्हाइ पु..... आत्मश्रेयसे श्री सुविधिनाथबिंबं कारितं प्र० चैत्रगच्छे गुणदेवसूरिसंताने जिनदेवसूरिभिः।

॥१८॥ संवत १५०७ वर्षे ज्येष्ठ व० पू प्रा० प० आका भा० चांपू पुत्र प० बरसिंग वीसलदे भातृ वरसिंग भा० हर्ष पुत्र राजा गोला सालिग नासण प्रभृति कुटुंबयुतेन स (? स्व) श्रेयोऽर्थं श्री संभवनाथ बिंबं कारापितं उकेश (गच्छे) श्री सिंहाचार्यसंताने प्र० श्री देवगुप्तसूरि श्री कक्कसूरिभिः॥

॥१९॥ संवत १५०९ माघ शुदि ५ गुरौ दंठाहिदेशे (दंठा[१]व्य) आजउली ग्रामे श्री श्रीमालज्ञातीय श्रे० झीला सुत श्रे० कडुया भा० डाही सुत

---

१ બીજાપુર તાલુકાના પ્રદેશને બારમા તેરમા સૈકાથી 'દંઠાવ્ય' કહેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रे० वेला श्रे० लाला लघु भ्रा० श्रे० पो....केन भार्या तेज युतेन... श्रेयसे श्री पद्मप्रभबिंब का० प्र० बृहत् तपापक्षे रत्नसिंहसूरिभि : ॥

[૧૪ નંબરથી ૧૯ સુધીના ૭ લેખો પાયધૂનિ પર આવેલ મહાવીર સ્વામીજીના દેરાસરના ત્રીજા માળમાંની પ્રતિમાઓ ઉપરના છે.]

॥२०॥ संवत १५०९ (वर्षे) माघ सुदि ५ प्राग्वाट् ज्ञातीय श्रे० आका भा० धरणू सुत स० कर्मणेन भा० सं० कर्मादेव्यादि कुटुम्बयुतेन निज श्रेयोर्थं श्री श्री मुनिसुव्रत बिंबं का० प्र० तपागच्छेश श्री सोमसुंदरसूरि शिष्य रत्नशेखरसूरिभि : (ચિંતા૦-પાર્શ્વ૦)

॥ २१ ॥ संवत १५०९ वर्षे माघमासे पंचम्यां तिथौ श्री कोरंटगच्छे नन्नाचार्यसन्ताने उपकेशज्ञातीय साह धना भार्या गोरी तत्पुत्र साह जावडेन स्वकुटुम्बसहितेन निजमातृपितृ श्रेयार्थं श्रीधर्मनाथबिंबं का० प्रति श्री कक्कसूरिपट्टे सावदेवसूरिभिः ॥ (ચિન્તા૦ પાર્શ્વ૦)

॥ २२ ॥ संवत १५१० वर्षे माघ शुदि ५ शुक्रे प्राग्वाटज्ञातीय साह झामट सुत सा० धन्धू भार्या रूप सुत राकेन अमरी कुटुम्बयुतेन श्री सुपार्श्व-नाथबिंबं कारितं प्रति० तपागच्छे श्री रत्नशेखरसूरिभि : ॥ धंधुका वास्तव्यः ॥ [આ. મં. પાયધુની]

॥ २३ ॥ संवत १५१२ वर्षे फागुण शुदि बुधे श्री श्रीमालज्ञातीय वापचउंघ भा० वां [चां]पलादे सुत राजा भार्या राजलदेसुत लखा, वना, राघव, वीरा, सहितेन, पितृमातृ चांपानिमित्तं आत्मश्रेयसे श्री चतुर्विंशति पट्ट का० मुक्ष्य (मुख्य) श्री सुमतिनाथबिंबं प्र० पिष्फलगच्छे (पिपलगच्छे) भ० उदय-देवसूरिभिः ॥ कोलरवाडा वास्तव्यः ॥ (ચિન્તા૦ પાર્શ્વ૦)

॥ २४ ॥ संवत १५१२ वर्षे माघ वदि ८ शुक्रे श्री श्रीमालज्ञातीय श्रेन्खेता भा० राजलदे सुत साह दासहदेभ्यां स्वपित्रो (:) श्रेयसे कुंथ (थु)नाथ बिंबं कारितां (तं) प्र० अ[आ]गमगच्छे श्री साध [धु] रत्नसूरिपट्टे सिंहदत्तसूरिभिः ॥ [મહા૦ મન્દિર૦]

॥ २५ ॥ संवत १५१५ वर्षे फागुण शुद ८ शनौ श्रीमालज्ञातीय पितृमणो-रसी भातृमेधू श्रेयोर्थं सुत वेला, लखु, समधुर भोजा वा... विमलनाथ (बिंबं) का० श्री पूर्णिमा श्रीसाधुरत्नसूरिपट्टे श्री साधुसुंदरसूरीणामुपदेशेन कारितं ॥

॥ २६ ॥ संवत १५१६ वर्षे माग [घ] शुदि २ उकेशवंशे रांका श्रे० गोत्र सूरा, पु. आसाकेन भा० झांझण चमठू पुत्र हरपाल, थिरपाल, बघू रंगाइ प्रमुख परिवारसहितेन श्रेयोर्थं अभिनंदनबिंबं कारितं प्रतिष्ठितं श्री खरतरगच्छे श्रीजिनचंद्रसूरिभिः

॥ २७ ॥ संवत १५१९ वर्षे वैशाख शुदि ११ शुक्रे श्रीमालज्ञातीय पिता मुहता हणसी पिता महीखेती पितृ परबर मातृ रूडी सुत खेता राउलाभ्यां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री सुमतिनाथ पंचतीर्थीबिंब कारितं प्रतिष्ठितं पिपलगच्छि (च्छे) श्री गुणरत्नसूरिभिः ॥ [1]चूडाग्रामे ॥

(ઉપરની ૨૫–૨૬–૨૭ નંબરની ત્રણ પ્રતિમાજી ચિન્તામણિ પાર્શ્વનાથજીના મંદિરમાં છે.)

॥ २८ ॥ संवत १५१९ वर्षे वि (वै) षाख वदि ११ शुक्रे उपकेशज्ञातौ सा० देवा० भ्रातृ लहका, पु० परबतेन मा० डाकी (ही) सहितेन स्वश्रेयसे संतवनाथ (? संभवनाथ) बिंबं कारितं–प्र० उपकेशग० ककुदाचार्य संता (ने) श्री कक्कसूरिभिः ॥

॥ २९ ॥ संवत १५१९ वर्षे ज्येष्ठ शुदि १३ सोमे उपकेशज्ञातीय भंडारी गोत्रे सं० देवदत्त भार्या वल्हादे पुत्र ३ रत्नसींह, कान्हा, जसराज, पितर पूर्विजननि (नी) निमित्तं श्री० निमिनाथ बिंबं का० श्री संडेरगच्छे भ० सालिसूरिभि : ।

( ઉપરની ૨૭–૨૯ નંબરની બન્ને પ્રતિમાજી મહાવીર સ્વામીના મંદીરમાં છે. )

॥ ३० ॥ संवत १५२० वर्षे वैषाख मासे श्री प्राग्वाटज्ञातीय परि भूला भार्या माल्हणदे पुत्राः प० वीरा, राजा, वद्र जाए निः स्वमातुः श्रेयसे श्री विमलनाथबिंबं का० प्रति० श्री वृद्ध तपापक्षे श्री उदयवल्लभसूरिभिः ॥

[ લાવણ્યાગ મંદિર ]

॥ ३१ ॥ संवत १५२२ वर्षे माघ शुदि ११ सोमे श्री श्रीमाल ज्ञातीय श्रे० देवराज भा० वयजू पुत्र श्रे० पणदासेण (न) भार्या, मातृ, भ्रातृ सूरदास सारंग विमातृ श्री० प्रमुखकुटुंबयुतेन स्वश्रेयसे. श्री नमिनाथबिंबं का० प्र० तपा श्री रत्नशेखरसूरिपट्टे श्री श्री श्री लक्ष्मीसागरसूरिभि :

( ચિંતા૦પાર્શ્વ૦ )

॥ ३२ ॥ संवत १५२३ वर्षे वैषाख शुदि ९ सोमे श्रीमाल ज्ञा० श्रे० कुंघ सुत पदमसी सु० पित मोखा मा... मोखलदे श्रेयसे, सु० अर्जन मजना-भ्यां (?) श्री वासुपूज्य बिंबं कारितं पूनिम गच्छे श्री साधुसुंदरसूरीणा मुप० प्रति... लखवास्तव्य : ॥

॥ ३३ ॥ संवत १५२४ वर्षे वेषाख वदि ९ सोमे श्री श्रीमालज्ञा० दोसी अजा भार्या धरमिणि सुत खेता सिवा रत्नाभ्यां. पितृ मातृ श्रेयसे नमिनाथबिंबं पंचतीर्थी कारापितां (तः) श्री पूर्णिमा पक्षे श्री राजतिलक सूरीणामुपदेशेन प्रतिष्ठितं श्री सूरिभि : ॥ वीरमग्राम वास्तव्य : ॥

॥ ३४ ॥ संवत १५२५ वर्षे वैषाख शुदि ६ सोमे श्रीमाल.................. पुत्र शवराज भा० मांदू पुत्र माधव श्रीपालाभ्यां युतेन पितृनिमित्तं आत्मश्रेयसे श्री सुमतिनाथबिंब कारापितं प्रतिष्ठितं पूर्णिमापक्ष (क्षे) श्री सोमचंद्रसूरिभि : ॥ अहम्मदावादे हर्षपरवाट ॥

ઉપરની ૩૩–૩૪ નંબરની બન્ને પ્રતિમા આદીશ્વર ભગવાનના મંદિરમાં વિદ્યમાન છે.

---

[1] આ ચૂડા ગામ વઢવાણ પાસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ३५ ॥ संवत १५२८ वर्षे वैषाख शुद १० दिने भंडोरा (गात्रे) साह पोचा पुत्र सोजपाल......श्रेयोर्थं शान्तिनाथबिंबं करापितं प्र० धर्मघोष गच्छे, साधुरत्नसूरिभिः ॥ ( ચિન્તા० પાર્શ્વ० )

॥ ३६ ॥ संवत १५२९ वर्षे जे० वि० (व०) १ शुक्र श्रीमालज्ञातीय भघु श्रे० वपरा भा० मवी, पु० सिंहाकेन भा० धम्मिणि पुत्र गहिला वेला सहितेन स्व श्रेयसे कुंथुनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्री चैत्र गच्छे भ० श्री लक्ष्मीसागरसूरिभिः लीलापुरग्रामवास्तव्यः ॥

॥ ३७ ॥ संवत १५३१ वर्षे ज्येष्ठ शुदि २ रवौ श्री श्रीमाल० प० हाथी भा० हीमादे सुत दूमणेना भा० रंगी सु० अदादि कुटुम्बयुतेन भ्रातृघोघर, खीमा श्रेयोर्थं श्री शान्तिनाथ बिंबं श्री. पू० गुणधीरसूरीणामुपदेशेन कारितं प्रतिष्ठितं च विधि विरमग्रामे ॥

॥३८॥ संवत १५३१ वर्षे माधवदि प्रतिपदा सोमे सोवडीया प्राग्वाट ज्ञातीय ठ० नरपालभार्या वापू सुत सरमण सूराजोना श्रेयोर्थं श्री आदिनाथ बिंबं श्री सौराष्ट्रगच्छे भटारिक (? भट्टारक) श्री ि (? क्ष)माव (? भ)द्रसूरिभिः प्रतिष्ठितं ॥

॥३९॥ संवत १५४२ वर्षे जिष्ट [? ज्येष्ठ] वदि ४ सोमे श्री श्रीमालज्ञातीय श्रे धना, भा० रागू नाम्ना स्वमाता जासु श्रेयोर्थं वासपूज्यं पंचतीर्थीबिंबं कारितं आगमगच्छेश श्री अम सूरिभिः प्रतिष्ठितं ॥ उदयपुरवास्तव्यः ॥

॥४०॥ संवत १५५१ वर्षे वै० व० ५ गुरौ प्राग्वाट ज्ञा० कीका भा० गो (म?)ति...श्रीपार्श्वनाथबिंबं कारितं प्र० आगमगच्छे श्री...रत्नसूरिभिः स्तंभतीर्थे ( ખંભાતમાં )

॥४१॥ संवत १५५३ वर्षे वै० व० श्री शुक्रे उसवालज्ञातीय प० धरणा भार्या रमाइ सुत सा० वस्ता भार्या मटकू नाम्ना स्व० पु० श्रेयोर्थं श्री वासुपूज्यबिंब कारितं श्री वृद्ध तपापक्षे श्री ज्ञानसागरसूरिपट्टे श्री उदयसागरसूरिभिः प्रतिष्ठितं श्री स्तंभतीर्थे ॥

( ૩૫ થી ૪૧ સુધીની સાત પ્રતિમાએ પાયધૂનિ પર આવેલ મહાવીર સ્વામીના દેરાસરમાં છે )

॥४२॥ संवत १५५१ वर्षे विशाघ (बैषाख) वदि १० गुरौ श्री उसवाल ज्ञातीय सोनी अम्बा भा० सहिजू सुत सोनी समरसीं भा० मनाइ अपरा भार्या जसमाइ तेन स्वःश्रेयसे श्री संभवनाथ मुख्य चतुर्विंशति पट्ट कारापितः प्रतिष्ठितः वृद्ध तपापक्ष (क्षे) श्री जिनरत्नसूरिभिः॥ मंगलपुर (मांगरोळ) वास्तव्य : [ આદી–મહીર ]

॥४३॥ संवत १५५८ वर्षे माहु (ह) शुदि ५ गुरु श्री ब्रम्हाणगच्छे श्रीमाल ज्ञातीय श्रेष्टी (ष्ठी) खेता भार्या धाउं पुत्र झोंणा भार्या हांसी सुत

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हादा भार्या सूहिवदे भातृ रूपा सहितेन भ्रातृ पितृ निमितं आत्म श्रेयोर्थं श्री पारिश्र्वनाथ (? पार्श्वनाथ) बिंब प्रतिष्ठितं श्री विमलसूरिपट्टे बुध (? द्धि) सागरसूरिभि : ॥

॥४४॥ संवत १५६१ वर्षे चैत्र वदि ८ शुके मूल संघे भ० ज्ञानभूषण सु० भ० विजयकीर्तिगुरूपदेशात् हुंकय महिणा भार्या अरवु तयोः सुत भोमा भार्या लाडोकि एत श्री धर्मनाथ तिर्थंकर तीर्थंकर) नित्यं प्रणमंति ॥

(ઉપરના ૪૩-૪૪ નંબરના બન્ને લેખ મહાવીર સ્વામીના દેરાસરમાં રહેલી ધાતુ પ્રતિમા પરથી ઉતારવામાં આવ્યા છે.)

॥४५॥ संवत १६०० वर्षे ज्येष्ठ शुदि ३ शनौ श्रीमालज्ञातीय लघु शाखायां सा० सहिसकरण भा० भमनादे पुत्र साह सकल भार्या चंद शुश्राविकया स्वश्रेयसे अंचल गच्छे श्रीगुणनिधानसूरीणामुपदेशेन श्री धर्मनाथ बिंब कारितं प्र० श्री संघेन ॥ [ચિન્તા. પાર્શ્વ.]

॥४६॥ संवत १७६४ व० ज्ये० शुदि ५......मोतीचंदकेन स्वद्रव्येण सुविधिनाथ बिंबं कारितं प्र० ज्ञानविमलसूरिभि ॥

॥४७॥ संवत १८४५ वर्षे सा० रतनजीयै श्री शान्तिनाथ (बिंबं) भरापितं देवसूरिगच्छे ॥

॥४८॥ संवत १८९३ व० माघ सुदि १० सा० लखमसि ..श्रेयोर्थं श्री शांतिनाथबिंबं कारापितं छे

॥४९॥ संवत १९०२ माघ वदि ५ बाइ अचरजे वासुपूज्य बिंबं कारापितं ॥

॥५०॥ संवत १९०३ माघ वदि पांचम अमदावाद वास्तव्यः उ० ज्ञा० व० अनूपचंद हरखचंद भारया (भार्या) दिवालीबाइ श्री सूपारसनाथ (सुपार्श्वनाथ) जिनबिंबं कारापितं खरतरगच्छे भ० जिनमहेन्द्रसूरिभिः प्र० ।

॥५१॥ संवत १९०६ वर्षे ...सुपार्श्वनाथबिं(बं) कारितं गांधी महताबचंद कारितं श्रीजिनमहेन्द्रसूरिभिः प्रति० ।

[નં. ૪૫થી ૫૧ સુધીની ૭ પ્રતિમાઓ મહાવીર સ્વામીના મંદિરમાં વિદ્યમાન છે.]

॥५२॥ १९२४ मा शु० १३ सुमतिजिनबिंबं का० (उसवंसे) वैद महता वालचंद्रत विजयगच्छे श्री शान्तिसागरसूरिभिः श्रेयोर्थं ॥

(આ પ્રતિમા ચિંતામણિ પાર્શ્વનાથના મન્દિરમાં છે, અને ઉક્ત લેખવાળી લગભગ ૬ પ્રતિમાઓ તે મંદિરમાં છે.)

આ રીતે આ બાવન ધાતુપ્રતિમા લેખોમાં તેરમા સૈકાથી શરૂ કરીને વીસમા સૈકા સુધી એમ સાત સૈકા સુધીના ધાતુપ્રતિમા લેખોની વાનગી મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**દીક્ષા**—(૧) મોરબી નિવાસી શ્રી મગનલાલ લક્ષ્મીચંદે મુંબઈમાં કાર્તિક વદ ૧૦ ના દિવસે પૂજ્ય પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજ પાસે દીક્ષા લીધી. દીક્ષિતનું નામ મહાનંદવિજયજી રાખવામાં આવ્યું અને તેમને પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા. (૨) રાજગઢ નિવાસી શ્રી ગેંદાલાલજી લુણીઆએ અમદાવાદમાં કારતક વદી ૩ ના દિવસે પૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા લીધી. દીક્ષિતનું નામ સુશીલસાગરજી રાખવામાં આવ્યું અને તેમને પૂજ્ય શ્રી લલિત-સાગરજીના શિષ્ય બનાવવામાં આવ્યા. ( આ ગુરુ-શિષ્ય સંસારી પિતા-પુત્ર થાય છે. )

**પંન્યાસપદ**—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી ક્ષમાસાગરજીને કારતક વદ ત્રીજના દિવસે અમદાવાદમાં પંન્યાસપદ આપવામાં આવ્યું.

**કાળધર્મ**—(૧) પૂજ્ય આચાર્ય શ્રી વિજયન્યાયસૂરિજીના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી કારતક સુદિ ૬ના દિવસે બલિ (મારવાડ)માં કાળધર્મ પામ્યા. (૨) પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ કારતક વદિ ૬ને શનિવારે પાટણમાં કાળધર્મ પામ્યા.

**પ્રતિમા નીકળી**—આગરામાં કુલટી બજારમાં એક મકાનનો પાયો ખોદતાં, ગઇ આસો સુદી છઠના દિવસે સં. ૧૬૬૨ના લેખવાળી સફેદ આરસની બે જિન પ્રતિમાઓ નીકળી છે. એક પ્રતિમા શ્રી અજીતનાથ ભગવાનની અને બીજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે.

**મહાવીર જયંતીની રજા**—ખંડવા મ્યુનિસિપાલીટીએ ચૈત્ર સુદિ તેરસનો દિવસ ભગવાન શ્રી મહાવીર સ્વામીની જયંતિ નિમિત્તે જાહેર તહેવાર તરીકે પાળવાનું નક્કી કર્યું છે.

**હીંસા બંધ**—કોલ્હાપુર સ્ટેટમાં ભાદરવા સુદી ચોથ ( સંવત્સરી ) ના દિવસે કોઈ પણ પ્રકારની હિંસા નહિં કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# સ્વીકાર

**શ્રી નૂતન તીર્થ સ્તવનમાળા** – કર્તા મુનિરાજ શ્રી સુશીલવિજયજી, પ્રકાશક --શેરદલાલ શ્રી લાલભાઇ ફુલચંદ શીયા, મૂળેવાપાર્શ્વનાથની ખડકી, પાંજરા પોળ, અમદાવાદ, ભેટ.

૨ **મહાવીર છત્રીશી**- કર્તા- મુનિરાજશ્રી સુશીલવિજયજી, પ્રકાશક- જૈન ગ્રંથ પ્રચારક સભા. ભેટ.

૩ **આદર્શ આર્યા**- લેખક- શ્રીકાંત, પ્રકાશક શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથ માળા, પ્રાપ્તિસ્થળ વીરશાસન કાર્યાલય, રતનપોળ અમદાવાદ, એક આનો.

૪ **જૈનદર્શન અને માંસાહાર**- લેખક રાવસાહેબ મણિલાલ વનમાળીદાસ શાહ પ્રકાશક શ્રી મહાવીર જ્ઞાનોદય સોસાયટી, રાજકોટ. એક આનો (ટપાલ ખર્ચ એક આનો વધુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્હત મહાકવિ શ્રી ધનપાળનું આદર્શ જીવન

લેખકઃ—મુનિરાજ શ્રી સુશીલવિજયજી.

( ગતાંકથી ચાલુ )

## પુનઃ મહાકાળેશ્વર-મંદિરમાં

ફરી એકવાર મહારાજા ભોજ ધનપાલ વગેરે પંડિતવરોની સાથે મહાકાળેશ્વર મંદિરમાં પધાર્યા. મહારાજે તેમજ બીજાઓએ મહાકાલેશ્વર દેવને દણ્ડવત્ પ્રણામ કર્યા, કિન્તુ પરમાર્હત મહાકવિ ધનપાલ લેશ માત્ર પણ નમ્યો નહીં. એટલે મહારાજા ભોજે તેનું કારણ પૂછયું કે "મહાકાલેશ્વર મહાદેવને સર્વ લોકો નમસ્કાર કરે છે અને તમે કેમ કરતા નથી ?" આના પ્રત્યુત્તરમાં નિડરતા પૂર્વક તરત જ ધનપાળે જણાવ્યું કેઃ—

"जिनेंद्रचंद्रप्रणिपातलालसं यथा शिरोऽन्यत्र न नाम नाम्यते।
गजेन्द्रगण्डस्थलदानलंपटं शुनीमुखे नालिकुलं निलीयते ॥ १ ॥

જિનેન્દ્રરૂપી ચંદ્રમાને પ્રણિપાત કરવાને ઉત્કણ્ઠિત એવું મારૂં શિર જિનેન્દ્ર સિવાય અન્ય કોઈ પણ દેવ દેવીને નમવાનું નથી. હાથીના મદઝરના ગંડસ્થલ પર આરૂઢ થઇને સુગંધ લેનાર ભ્રમર જેમ કુતરીનાં મોઢાપર બેસવાની અભિલાષા કરતો નથી." આ સાંભળતાની સાથે જ મહારાજા ભોજ એકદમ કોપાયમાન થઈ ગયા, અને ધનપાલને જણાવ્યું કે "હે ધનપાલ ! તું મહાદેવની મોટી અવજ્ઞા કરે છે, એટલું જ નહીં પણ તું અન્ય મતનો અત્યંત દ્વેષી છો. તું બ્રાહ્મણ છે, દયાને પાત્ર છે એટલે હું તને જતો કરૂં છું, પણ આ જગ્યાએ જો અન્ય કોઇ હોત તો તેના આ ચકમકતી તરવાર વડે ટુકડે ટુકડા કરી નાખત. હવે ફરીથી બોલતાં વિચાર કરજે.

તરત જ સમયજ્ઞ ધનપાલે રાજાનો ક્રોધ શાંત કરવાની ખાતર જણાવ્યું કે હે મહારાજા ! હું અન્ય મતનો દ્વેષી નથી, કિન્તુ ગુણનો જ પૂજક છું. સાંભળોઃ—

भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ॥
ब्रह्मा वा विष्णुर्वा, शिवो जिनो वा नमस्तस्मै ॥ १ ॥

"સંસારના જન્મ-મરણના મૂળભૂત અંકુરારૂપ રાગાદિ શત્રુઓ જેમના નાશ પામેલા છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો, કે જિન હો તેમને મારા નમસ્કાર છે."

આ સાંભળતાં રાજાના અંતઃકરણમાં કંઇક શાંતિ થઈ. છેવટે રાજાએ ધનપાલને કહ્યું કે "હે ધનપાલ ! આટલા દિવસો સુધી મહાદેવની મૂર્તિને પૂજતો હતો અને હવે કેમ દ્વેષ કરે છે ?" ત્યારે ધનપાલે જણાવ્યું કે મહારાજ, હું યથાસ્થિત સ્વરૂપ સમજેલો નહતો તેથી.

આ વાત ચાલતી હતી એટલામાં સેવકે આવીને ખબર આપી કે મહારાજ સાહેબ "યાજ્ઞવલ્કય સ્મૃતિ" નું શ્રવણ થઈ રહ્યું છે, આપ પધારો. એટલે મહારાજા ત્યાં પધાર્યા. વ્યાસજી યાજ્ઞવલ્કય સ્મૃતિનું શ્રવણ કરાવી રહ્યા છે, સૌ શ્રોતાઓ એકચિત્તે સાંભળી રહ્યા છે. એવામાં રાજા ભોજની દૃષ્ટિ ધનપાલ પર પડી. ધનપાલને વિમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ ને બેઠેલો જોઈ તત્કાલ રાજાએ પૂછયું, હે ધનપાલ ! શું શ્રુતિ-સ્મૃતિ પર અવજ્ઞા આવે છે ? ધનપાલ બોલ્યો કે મહારાજ લક્ષણ શૂન્ય તેના અર્થને હું સાંભળવા નથી માગતો ? તેમાં પરસ્પર વિરૂદ્ધ કેટલું આવે છે ? સાંભળો.

" વિષ્ટાનું ભક્ષણ કરનારનું પાપ ગૌ સ્પર્શથી દૂર થાય છે. સંજ્ઞા વિહીન વૃક્ષો વંદનીય છે. બોકડાનો વધ કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણોને આપેલ ભોજન પિતૃઓને ( પૂર્વજોને ) તૃપ્ત કરે છે. કપટી દેવોને આપ્ત પુરૂષ તરીકે સ્વીકારેલ છે. અગ્નિમાં હોમેલ બલિદાન દેવતાઓને પ્રસન્ન કરે છે. ઇત્યાદિ શ્રુતિમાં કથન કરેલ વાતને સત્ય કોણ માને ?

## સાક્ષરવરો સાથે મહારાજા ભોજ સરોવરતીરે

વર્ષાઋતુ શરૂ થઇ હતી. ગગન મંડલ વાદળોથી છવાયું હતું. મોર વગેરે પક્ષિઓના ટહુકારો થવા લાગ્યા હતા. આકાશમાં વીજળીનો ચમકાર દેખાવા લાગ્યો હતો. સૂર્ય ચંદ્રનાં દર્શન અદશ્ય જેવાં થયાં હતાં. ગ્રીષ્મે સૂકવી નાખેલી નદીઓ ખળ ખળ વહેવા લાગી હતી. વનમાંનું સરોવર પાણીથી ભરપૂર ભરાઇ ગયેલું જાણી સેવકે રાજદ્વારે ખબર આપી એટલે મહારાજા ભોજ, ધનપાલ વગેરે પાંચસો પંડિતો સાથે સરોવરતીરે પધાર્યા.

સરોવરની અંદર અનેક જળચળ પ્રાણીઓ ક્રીડા કરી રહ્યાં છે. જાત જાતનાં રંગ બેરંગી કમલો ખીલી રહ્યાં છે. મોટાં મોટાં વહાણો નાની નાની હોડીઓ આમ તેમ તરી રહી છે. આ દશ્ય નિહાળતાં મહારાજા ભોજે સરોવરનું વર્ણન કરવા પંડિતોને સૂચવ્યું- મહારાજા ભોજની આજ્ઞાથી પંડિતોએ નવા નવા શ્લોકોથી વર્ણન કર્યું. ત્યારબાદ મહારાજા ભોજે ધનપાલને સરોવરનું વર્ણન કરવા કહ્યું એટલે ધનપાલે કહ્યું:

**" एषा तडागमिषतो वरदानशाला मत्स्यादयो रसवती प्रगुणा सदैव ॥**
**पात्राणि यत्र बकसारसचक्रवाकाः पुण्यं कियद्भवति तत्र वयं न विद्म ॥**

આ સરોવર એક શ્રેષ્ઠ દાનાશાલા છે. તેની અંદર માછલાં વગેરે અહર્નિશ તૈયાર રસોઈ છે, વળી તે સરોવરમાં બગલા-સારસ ચક્રવાક પક્ષિઓ પાત્રો ( ભક્ષણ કરનારા ) છે, આવી સામગ્રી સહિત સરોવરરૂપી દાનશાળા બંધાવનારને કેટલું બધું પુણ્ય બંધાશે તે અમે સમજી શકતા નથી. "

ધનપાલ પાસે આવા પ્રકારનું સરોવરનું વર્ણન સાંભળી મહારાજા ભોજ ગુસ્સે થયા. તે ધનપાલને કંઇ જુદી જ દષ્ટિથી દેખવા લાગ્યા. તેમને થયું આ ધનપાલ અત્યંત દુષ્ટ છે, જ્યારે ત્યારે વાંકું ને વાંકું જ બોલે છે. મારી કીર્તિને પ્રસરતી દેખીને તે ઇર્ષ્યા કરે છે. તે મારો ખરો પુરોહિત નથી પણ શત્રુ પુરોહિત છે. જો એમ ન હોત તો અન્ય પંડિતો જેમ સરોવરનું વર્ણન કરી મારી કીર્તિને ન વધારત ?

હવે તો મારે એને શિક્ષા કરવી જ પડશે ! એના નેત્રમાં જ વિષ વસે છે, માટે એને અન્ય કોઈ શિક્ષા નહીં કરતાં એના નેત્રો જ ખેંચી લેવા જોઇએ ! આ પ્રમાણે મહારાજા ભોજ મનમાં દઢ નિશ્ચય કરી રાજમહેલે આવવા પાછા ફર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક વૃદ્ધ ડોસીનું દર્શન

રસ્તામાં મહારાજાએ સામેથી પોતાની તરફ આવતી એક વૃદ્ધ ડોશી દીઠી. તે વૃદ્ધા એક નાની બાલિકાની આંગળીએ લાકડી ટેકાવતી આવતી હતી. તે બુદ્ધીનું કલેવર હાડપીંજર જેવું ભાસતું હતું. સમસ્ત દાંત ઠેકાણે થઈ ગયા હતા. નેત્રો નીસ્તેજ બની ગયાં હતાં. માથાપરના વાળ સફેદ ભાસતા હતા. ચામડી પર વળીઓ પડી ગઈ હતી. ડાચાં બેસી ગયાં હતાં. શરીર કંપતું હતું. તેણીની આવા પ્રકારની સ્થિતિ જોઇ રાજા ભોજે પંડિતોને પૂછ્યું કે–"**करकंपावै शिरघुणै बुड्ढी कहा कहेइ ?** કરને કંપાવતી અને મસ્તકને ધુણાવતી આ બુઢ્ઢી શું કહેવા માગે છે ?" આ સાંભળીને એક પંડિતે જણાવ્યું–"**हकारंता यमभडां नन्नंकार करेइ**" યમરાજના સુભટો તેણીને "**हणाणी हणाणी**" એમ હાકોટા કરે છે, ત્યારે તે બુઢ્ઢી "ના ના" એમ કહે છે."

આ સમયે મહારાજા ભોજે ધનપાલ સામે દષ્ટિ ફેંકી એટલે સમયજ્ઞ કવિ ધનપાલ આ પ્રમાણે બોલ્યા.

**"किं नन्दी किं मुरारिः किमुत रतिरमणः किं नलः किं कुबेरः ?
किंवा विद्याधरोऽसौ किमथ सुरपतिः किं विधुः किं विधाता ? ॥
नायं नायं न चायं न खलु नहि न वा नापि नासौ न चैषः
क्रीडां कर्तुं प्रवृत्तः स्वयमिह हि हले ! भूपति भोजदेवः ॥ १ ॥**

આ મહીતલ ઉપર ક્રિડા કરવાને પ્રવર્તેલા મહારાજા ભોજને જોઈને પેલી બાલિકા પોતાની વૃદ્ધ માતાને પૂછે છે કે—

"શું આ નંદી (શંકર) છે ? શું આ મુરારિ (કૃષ્ણ) છે ? કે શું આ કામદેવ છે ? શું આ નલ છે ? કે શું કુબેર છે ? શું આ વિદ્યાધર છે ? કે શું આ ઇન્દ્ર છે ? શું વિધુ (ચંદ્રમા) છે ? કે શું વિધાતા (બ્રહ્મા) છે ? આ પ્રમાણે બાલિકાના પ્રશ્નો સાંભળી વૃદ્ધ માતા પોતાનું મસ્તક ધુણાવીને કે છે કે— એ શંકર, કૃષ્ણ, કામદેવ, નલ, કુબેર, વિદ્યાધર, સુરપતિ, ચંદ્રમા કે વિધાતા તેમાંથી કોઈ પણ નથી. એ તો ક્રીડા કરવાને પ્રવર્તેલા ભૂપતિ ભોજ પોતે છે."

આ સાંભળી મહારાજા ભોજ અત્યંત સંતુષ્ટ થયા. તેમના હૃદયમાંનો ક્રોધ શાંત થયો તે ધનપાલને કહેવા લાગ્યા કે હે ધનપાલ તમારી આ અદ્ભુત તર્કશકિતથી હું પ્રસન્ન થયો છું. માટે જે ઇચ્છા હોય તે માગ.

એટલે ધનપાલે કહ્યું હે મહારાજા, આપ મારી પર પ્રસન્ન થયા હોય તો મને મારાં બન્ને નેત્રો આપો ! આ સાંભળી મહારાજા એકદમ ચકિત થઇ ગયા. અહો ! મારી હૃદયસ્થ વાત આ ધનપાલે ક્યાંથી જાણી ? જરૂર એને કોઇ જાતનું વિશિષ્ટ જ્ઞાન હોવું જોઈએ. બાદ મહારાજાએ ધનપાલને "તથાસ્તુ" એમ કહી નાના પ્રકારના ઇનામો આપી તેનો ખૂબ સત્કાર કર્યો.

આ વખતે મહાકવિ ધનપાલે મહારાજાને જણાવ્યું કે મહારાજ, શ્રી જૈનધર્મના ઉત્તમ તત્ત્વજ્ઞાનનું પાન કરતા મને સુબુદ્ધિ ઉત્પન્ન થઈ છે. તેના જ પ્રતાપે હું એ વાત જાણી શકયો હતો. આર્હત ધર્મોપાસકને તો તેવું ફળ સહજમાં મળી આવે છે. એની પવિત્રતાના પ્રતાપે તેવી અનેક અદ્ભુત શકિતઓ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ધન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલનાં વચનોથી મહારાજાના મનમાં જૈનધર્મ પ્રત્યે સદ્દભાવ ઉત્પન્ન થયો અને મહારાજાએ સ્વમુખેથી જૈનધર્મની પ્રશંસા કરી. બાદ સર્વે વિખુટા પડયા.

## સેતુબંધ પ્રશસ્તિની પૂર્તિ

એક સમયે રાજા ભોજે સેતુબંધની પ્રશંસ્ત લાવવા સેવકોને આજ્ઞા કરી. સેવકોએ લાવી મહારાજાને સમર્પણ કરી. પરંતુ અત્યંત જીર્ણ થઇ ગયેલ હોવાથી પ્રશસ્તિ સંપૂર્ણ ઉતરેલી ન હતી તેને સંપૂર્ણ કરવા પંડિતોને બનાવવામાં આવતાં પોતપોતાની બુદ્ધિ પ્રમાણે પ્રશસ્તિની પાદપૂર્તિ કરવા લાગ્યા, પણ ભૂપતિને લેશમાત્ર આશ્ચર્ય ન થયું. છેવટે તેમાંથી દ્વિપદી અને ત્રિપદી સમસ્યા પૂરવા ધનપાલને આપી, જેમાં દ્વિપદી સમસ્યા આ પ્રમાણે હતી.

**हरशिरसि शिरांसि यानि रेजुर्हरि हरि तानि लुठंति गृध्रपादैः ॥**

ધનપાલે તેની પૂર્તિ આ પ્રમાણે કરી—

**अयि खलु विषमः पुराकृतानां विलसति जन्तुषु कर्म्मणां विपाकः ॥१॥**

જે રાવણના મસ્તકો શંકરના શિર પર શોભતાં હતાં, તે લક્ષ્મણ (રામચંદ્રજીના ભાઈ)થી હણાતાં છતાં ગીધ પક્ષિઓના પગ તળે કચરાય છે, તેથી ખરેખર, પૂર્વકૃત કર્મોનો વિષમ વિપાક પ્રાણીઓને પાયમાલ કરે છે."

બીજી ત્રિપદી સમસ્યા નીચે પ્રમાણે હતી—

**स्नाता तिष्ठति कुन्तलेश्वरसुता वारोंगराजस्वसु—**

**द्युतेनाद्य जिता निशा कमलया देवी प्रसाद्याद्य च ॥**

**इत्यंत:पुरचारिवारवनिताविज्ञापनानंतरं**

ધનપાલે તેની પૂર્તિ આ પ્રમાણે કરી—

**स्मृत्वा पूर्वसुरं विधाय बहुशो रूपाणि भूपोऽभजत् ॥ २ ॥**

"હે ભૂપ, સીતાએ સ્નાન કરી દેવીને પ્રસન્ન કરતાં તેણે સ્વયં શોભાથી રાત્રિને પણ જીતી લીધી છે, એ પ્રમાણે અંતઃપુરમાં સંચાર કરતી વારાંગનાઓએ વિજ્ઞપ્તિ કર્યા બાદ રાજાએ પૂર્વ દેવને સંભારી અનેક રૂપ કરીને તેનું સેવન કર્યું."

આ પ્રમાણે ધનપાલે કરેલી પ્રશસ્તિની પૂર્તિ સાંભળી ત્યાં બિરાજતા ક્ષીર નામના વિદ્વાનને એકદમ હસવું આવ્યું. તે બોલી ઉઠયો. "અહો ? આ તો જૈનોને ઉચિત વાણી છે. કારણ કે તેમના મતમાં કર્મનો વિપાક કહેવામાં આવેલ છે. આટલાથી પણ નહીં અટકતાં આગળ વધીને કહેવા લાગ્યો કે આ સમસ્યા મૂર્તિ તો સુજ્ઞ પુરૂષોને પ્રમોદ પમાડે તેવી છે.

આથી મહાકવિ ધનપાલે મહારાજા ભોજને જણાવ્યું કે—ભૂપેશ આપને આ બાબતમાં લેશમાત્ર પણ સંશય ભાસતો હોય તો તેનું નિવારણ કરવાને અને સત્ય વસ્તુ પ્રગટ કરવાને હું એવી પ્રતિજ્ઞા કરૂં છું કે—જો મારામાં મનુષ્યત્વ હોય તો બાવન પલના શુદ્ધ ફાલમાં આવા અક્ષરો અવશ્ય કોતરાય!"

આ પ્રમાણે ધનપાલની પ્રતિજ્ઞા સાંભળી કૌતકથી મહારાજા ભોજે તે પ્રમાણે કરાવ્યું તરત જ ફાલ—પાટ પર તેવા અક્ષરો કોતરાઈ ગયા. ભોજ અને અન્ય લોકો આશ્ચર્ય ચકિત થયા અને ધનપાળનો જય જય પોકારતા સૌ વિસર્જન થય. (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જરૂર વસાવો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના

નીચે લખેલા ત્રણ મહત્ત્વના અંકો

[૧]

## શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

આ સચિત્ર વિશેષાંકમાં ભગવાન મહાવીરસ્વામી પછીના એક હજાર વર્ષના જૈન ઈતિહાસને લગતી પ્રમાણભૂત સામગ્રી આપવામાં આવી છે. એ ઉપરાંત ભ. મહાવીરસ્વામીનું સુંદર ત્રિરંગી ચિત્ર આપવામાં આવ્યું છે.

દ્વિરંગી પુંઠું, ઊંચા કાગળ, સુંદર છપાઈ, ૨૧૬ પાનાં

મૂલ્ય–ટપાલખર્ચ સાથે એક રૂપિયો

[૨]

## 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો ૪૩મો ક્રમાંક

૬૦ પાનાના આ અંકમાં જૈન શાસ્ત્રોમાં માંસાહાર હોવાના આક્ષેપોનો શાસ્ત્ર અને યુક્તિના આધારે સચોટ જવાબ આપતા અનેક લેખો આપવામાં આવ્યા છે.

મૂલ્ય–ટપાલ ખર્ચ સાથે ચાર આના

[૩]

## 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો ૪૫મો ક્રમાંક

આ અંકમાં મહારાજા કુમારપાળ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જીવનને લગતા અનેક ઐતિહાસિક લેખો આપવામાં આવ્યા છે.

મૂલ્ય–ટપાલ ખર્ચ સાથે ત્રણ આના

લખો

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

જેશિંગભાઈની વાડી, ઘીકાંટા

અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. B. 3801


## કિંમતમાં ૫૦ ટકા ઘટાડો

આજે જ મંગાવો

### શ્રી જૈન સત્ય પ્રકાશ

નો

# શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

આ વિશેષાંકમાં ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી, જુદા જુદા વિદ્વાનોએ લખેલા અનેક ઐતિહાસિક લેખો આપવામાં આવ્યા છે.

**મૂળ કિંમત બાર આના, ઘટાડેલી કિંમત છ આના**

( ટપાલ ખર્ચ એક આનો )

### કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર

### ભગવાન મહાવીરસ્વામી

નું

# ત્રિરંગી ચિત્ર

ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈ પાસે તૈયાર કરાવેલું આ ચિત્ર પ્રભુની પરમ શાંત મુદ્રા અને વીતરાગભાવનો સાક્ષાત્કાર કરાવે છે.

૧૪"×૧૦"ની સાઇઝ, જાડા આર્ટ કાર્ડ ઉપર સોનેરી બોર્ડર સાથે

**મૂળ કિંમત આઠ આના, ઘટાડેલી કિંમત ચાર આના**

( ટપાલ ખર્ચ દોઢ આનો )

### શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


For Private And Personal Use Only